# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૫



આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. તેના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ-મરણ ટળે એવી ચીજ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* પ્રથમ અવસ્થામેં ભવ્ય જીવોંકો પંચપરમેષ્ઠી ધ્યાવને યોગ્ય હૈ, ઉનકે આત્માકા સ્તવન, ગુણોંકી સ્તુતિ, વચનસે ઉનકી અનેક તરહકી સ્તુતિ કરની, ઔર મનસે ઉનકે નામકે અક્ષર તથા ઉનકા રૂપાદિક ધ્યાવને યોગ્ય હૈ, તો ભી પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિકે સમય કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ પરિણત જો નિજ શુદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ, અન્ય નહીં. તાત્પર્ય યહ હૈ કિ ધ્યાન કરને યોગ્ય યા તો નિજ આત્મા હૈ, યા પંચપરમેષ્ઠી હૈ, અન્ય નહીં, પ્રથમ અવસ્થામેં તો પંચપરમેષ્ઠીકા ધ્યાન કરના યોગ્ય હૈ, ઔર નિર્વિકલ્પદશામેં નિજસ્વરૂપ હી ધ્યાવને યોગ્ય હૈ, નિજરૂપ હી ઉપાદેય હૈ. ૧૪૯૦

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૩૧)*

* ક્રિયાની ભૂમિ ઉપર મોહ મહારાજાનો નિવાસ છે, ક્રિયા અજ્ઞાન-ભાવરૂપ રાક્ષસનું નગર છે, ક્રિયા કર્મ અને શરીર આદિ પુદ્ગલોની મૂર્તિ છે, ક્રિયા સાક્ષાત્ માયારૂપ સાકર લપેટેલી છરી છે, ક્રિયાની જંજાળમાં આત્મા ફસાઈ ગયો છે, ક્રિયાની આડ જ્ઞાન-સૂર્યના પ્રકાશને છૂપાવી દે છે. શ્રી ગુરુ કહે છે કે ક્રિયાથી જીવ કર્મનો કર્તા થાય છે. નિશ્ચય સ્વરૂપથી જુઓ તો ક્રિયા સદૈવ દુઃખદાયક છે. ૧૪૯૧. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ-૯૭)*

* મતિજ્ઞાન અને સુખ આદિ થતી વેળા ઈન્દ્રિયો તો માત્ર બાહ્ય હેતુ છે પણ ઉપાદાન કારણ નહિ, કારણ કે ઉપાદાનકારણ તો આત્મા જ થાય છે. તેથી વાસ્તવમાં એ ઈન્દ્રિયજ્ઞાન—સુખાદિમાં ઈન્દ્રિયો તો અહેતુ બરાબર જ છે. જુઓ, મૃતક અવસ્થામાં ઈન્દ્રિયો રહેવા છતાં પણ ઈન્દ્રિયજ્ઞાન કે સુખ હોતું જ નથી. ૧૪૯૨. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૩૫૧નો ભાવાર્થ)*

* હે આત્મન્ ! તૂ આત્માકે પ્રયોજનકા આશ્રય કર અર્થાત્ ઔર પ્રયોજનોંકો છોડકર કેવલ આત્માકે પ્રયોજનકા હી આશ્રય કર, તથા મોહરૂપી વનકો છોડ, વિવેક અર્થાત્ ભેદજ્ઞાનકો મિત્ર બના. સંસાર દેહકે ભોગોંસે વૈરાગ્યકા સેવન કર, ઔર પરમાર્થસે જો શરીર ઔર આત્મામેં ભેદ હૈ ઉસકા નિશ્ચયસે ચિંતવન કર, ઔર ધર્મધ્યાનરૂપી અમૃતકે સમુદ્રકે મધ્યમેં પરમ અવગાહન(સ્નાન) કરકે અનંત સુખ સ્વભાવ સહિત મુક્તિકે મુખકમલકો દેખ. ૧૪૯૩.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪૨, શ્લોક-૨)*

*

વર્ષ–૯
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૧
July
A.D. 2015



# સિદ્ધના લક્ષે શરૂ થતો સાધકભાવ



(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સોળમી વખતના પ્રવચન)

અનંત સિદ્ધ ભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ

वंदित्तु सव्वसिद्धे ध्रुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवली भणिदं।।१।।

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,
વંદી કહુ શ્રુતકેવળી ભાષિત આ સમયપ્રાભૃત અહો ! ૧

જુઓ, આચાર્યદેવ સમયસારના અપૂર્વ મંગલાચરણમાં અનંત સિદ્ધભગવંતોને પ્રતીતમાં લઈને આત્મામાં સ્થાપે છે. સિદ્ધ જેવા શુદ્ધાત્માને ધ્યેયરૂપ બનાવીને આરાધકભાવની અપૂર્વ શરૂઆત થાય છે. પોતાના આત્મામાં તો સિદ્ધોને સ્થાપીને શુદ્ધસ્વરૂપનો અનુભવ વર્તે જ છે, ને સાંભળવા આવેલા શ્રોતાના આત્મામાં પણ સિદ્ધોને સ્થાપીને કહે છે કે હે શ્રોતા ! સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપે તારા આત્માને લક્ષમાં લઈને ધ્યાવ. આમ સિદ્ધોને સ્થાપીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ કરીને આચાર્યદેવ સમયસાર સંભળાવે છે. આવા ભાવે જે સમયસાર સાંભળશે તેના મોહનો જરૂર નાશ થઈ જશે—એવા કોલકરાર છે.

પહેલી ગાથાની ટીકામાં સૌથી પહેલાં અથ શબ્દ છે તે મંગળને સૂચવે છે.

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને; ૧. –શ્રી પ્રવચનસાર

સિદ્ધોને નમસ્કારરૂપ અપૂર્વ મંગલાચરણપૂર્વક સમયસાર શરૂ કર્યું છે.

અથ શબ્દ મહાન માંગળિકની શરૂઆત સૂચવે છે.

અથ...હવે સાધકભાવરૂપ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

અથ...હવે અનાદિના બંધમાર્ગનો નાશ શરૂ થાય છે.

અથ...હવે આત્મામાં સમ્યગ્દર્શનાદિ મંગળભાવ શરૂ થાય છે.

અથ...હવે અનંતકાળમાં નહિ થયેલ અપૂર્વભાવ શરૂ થાય છે.

અથ...હવે સિદ્ધોને સ્થાપીને સાધકભાવ શરૂ થાય છે.

અથ...એટલે સાધકભાવ શરૂ થયો તે પૂર્ણ થશે જ.

અહો, એક અથ શબ્દના વાચ્યમાં તો કેટલા મંગળ ભાવો ભર્યા છે! 'અથ' એટલે 'હવે'—તે અપૂર્વ શરૂઆત સૂચવે છે; અત્યાર સુધી જે સંસારભાવ સેવ્યા તેનાથી પાછા ફરીને હવે સિદ્ધદશા તરફના અપૂર્વ ભવનો પ્રવાહ શરૂ થાય છે. આવા અપૂર્વ ભાવપૂર્વક સમયસાર સંભળાવીએ છીએ, તેને હે ભવ્ય શ્રોતા! તું પણ તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને અપૂર્વ ભાવે સાંભળજે.

અહો! અમારા આત્મામાં માંગળિકનો અપૂર્વ પ્રવાહ શરૂ થઈ ગયો છે....કેવળી ભગવંતોએ અને શ્રુતકેવળી ભગવંતોએ જે કહ્યું તે જ હું કહીશ; એટલે કે તે ભગવંતોએ કહેલો શુદ્ધભાવ મારામાં પ્રગટ કરીને અત્યારે હું તે આ સમયસારમાં કહીશ. પૂર્વે ભલે ભગવંતોએ કહ્યું—પણ અત્યારે તો હું કહેનાર છું ને! મારા ભાવમાં મેં જે ઝીલ્યું છે તે હું કહીશ. ભગવંતો પાસેથી મને જે મળ્યું છે તે હું કહીશ....અપૂર્વ સાધકભાવનો પ્રવાહ મારા આત્મામાં પ્રગટ્યો છે—તે સ્વાનુભવપૂર્વક હું કહીશ. જે નિજવૈભવ મારા આત્મામાં પ્રગટ્યો છે તે સમસ્ત વૈભવથી હું શુદ્ધાત્મા દેખાડું છું.

—તેમાં મંગળરૂપે પ્રથમ શુદ્ધાત્મદશાને પામેલા એવા સર્વે સિદ્ધ ભગવંતોને મારા જ્ઞાનમાં લઈને વંદું છું. રાગમાં સિદ્ધની સ્થાપના ન થઈ શકે, અંદરના જ્ઞાનભાવમાં જ સિદ્ધની સ્થાપના થાય છે, જ્ઞાનમાં સિદ્ધ જેવું શુદ્ધસ્વરૂપ ચિંતવતાં નિર્વિકલ્પદશા થઈ જાય છે....તેનું નામ સિદ્ધોને ભાવનમસ્કાર છે. સ્તુતિના વચનવિકલ્પો તે દ્રવ્યનમસ્કાર છે. આવા અપૂર્વ નમસ્કારપૂર્વક સમયસારનો પ્રારંભ થાય છે.

**વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,**
**મુનિ જ્ઞાન-દ્રગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨. –શ્રી પ્રવચનસાર**

શ્રોતાને ભેગો રાખીને તેના આત્મામાં પણ સિદ્ધોની સ્થાપના કરે છે. દેહાતીત–રાગાતીત પરમાત્મદશાને પામેલા અનંતા સિદ્ધભગવંતો છે—એના સ્વીકારમાં અપૂર્વ પાત્રતા છે. મારું ધ્યેય સિદ્ધપદ છે–એમ સ્વીકારીને આ સમયસાર સાંભળજે. તેના શ્રવણમાં શુદ્ધાત્માનું ઘોલન કરતાં કરતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થશે.....ને મોહ નષ્ટ થઈને પૂર્ણશુદ્ધ એવા સિદ્ધોમાં તું પહોંચી જઈશ. આત્માનું આવું જે ધ્યેય, તેના પ્રતિબિંબરૂપ સિદ્ધભગવંતો છે. તેને ધ્યાવતાં આ આત્મા તેમના જેવો થઈ જાય છે.

સાધક કહે છે—મારું ધ્યેય સિદ્ધપદ છે–પણ અત્યારે હું સિદ્ધમાં પહોંચી શકતો નથી એટલે સિદ્ધ ભગવંતોને મારામાં બોલાવું છું. જેમ રામચંદ્રજીએ સ્વચ્છ દર્પણ દ્વારા ચંદ્રને નીચે ઉતારીને ગુંજામાં નાખ્યો તે દૃષ્ટાંતે સાધક ઉપરના સિદ્ધભગવંતોને નિર્મળ જ્ઞાનદર્પણ દ્વારા નીચે ઉતારીને પોતાના અંતરમાં સ્થાપે છે. હે શ્રોતા ! મારી જેમ તું પણ તારામાં સિદ્ધને સ્થાપીને આ સમયસાર શ્રવણ કરજે. શ્રોતા એવો છે કે જેને સિદ્ધપદ સિવાય બીજાની અભિલાષા નથી, બીજું ધ્યેય નથી. શ્રવણ વખતે વિકલ્પ હોવા છતાં તેનું લક્ષ વિકલ્પ ઉપર નથી, તેના લક્ષનું જોર શુદ્ધ આત્મા તરફ જ ઢળે છે.

શ્રોતાઓના અપાર હર્ષ અને પ્રમોદ વચ્ચે ગુરુદેવ ભાવથી કહે છે કે–જુઓ, આ સમયસારનું મંગળ મુહૂર્ત ! સિદ્ધપણાના સ્થાપનથી શરૂઆત કરી; તે જીવ હવે સિદ્ધ પાસે જઈને બેઠો, તે હવે રાગની પાસે નહિ રહી શકે. રાગ સાથે એકતાબુદ્ધિ રાખીને સિદ્ધને નમસ્કાર ન થઈ શકે. સિદ્ધને નમ્યો તે રાગથી જુદો પડ્યો. ક્ષાયિકભાવને પામેલા અનંતા સિદ્ધોને આત્માની જ્ઞાનપર્યાયમાં બેસાડ્યા, તે જ્ઞાનપર્યાયમાં હવે ઉદયભાવ નહિ રહી શકે. ઉદય અને જ્ઞાન વચ્ચે તીરાડ પડી ગઈ, ને જ્ઞાન પરિણતિ શુદ્ધસ્વભાવ તરફ નમી ગઈ.

આ સમયસારના ભાવો સર્વજ્ઞ ભગવાનની પરંપરાથી આવેલા છે, તે ઝીલીને સંતોએ કહ્યા છે, અનાદિથી સર્વજ્ઞો થતા આવે છે ને અનાદિથી માર્ગ ચાલી રહ્યો છે તે જ અમે પ્રસિદ્ધ કર્યો છે. અહો, સિદ્ધને નમસ્કારરૂપ એક માંગલિકમાં તો કેટલા બધા ગંભીર ભાવો ભર્યા છે ! આચાર્યદેવની શૈલી અજબ છે. અનંતી સિદ્ધપર્યાયોનું સામર્થ્ય આત્માની શક્તિમાં અત્યારે જ ભર્યું છે. આવા આત્મા તરફ ઝુકીને સિદ્ધોને નમસ્કાર કર્યા છે. (ક્રમશઃ)

**તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,**
**વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩. –શ્રી પ્રવચનસાર**




# ઉપયોગનું લક્ષણ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)

છ દ્રવ્યો ભગવાને જોયાં અને બતાવ્યાં, તે છએ દ્રવ્યો અનાદિઅનંત છે, તેનો હું કરનારો નથી, જાણનાર જ છું; જાણવામાં ''આ સારૂં કે આ સારૂં નહીં'' એમ કરનાર પણ હું નથી. આવું જેણે અંતરમાં જ્ઞાન મેળવ્યું છે તે ક્રમે ક્રમે રાગ–દ્વેષ ટાળી પૂર્ણ જ્ઞાનરૂપી લક્ષ્મી મેળવે છે, તે લક્ષ્મી સદાય ટકી રહે છે, તે કોઈ દિવસ ખૂટતી નથી.

છ દ્રવ્યનું સ્વરૂપ જેમ છે તેમ સમજે તો આત્મા સમજાય. પણ જગતને આત્માની દરકાર નથી. સંસારનું કરવું હોય તો તૈયાર! કેમ કે ત્યાં પૈસા વગેરે નજરે દેખાય છે, પણ તે તો બધાં પુણ્યનાં ફળ છે, તેમાં આત્માને લાભ નથી. આત્માના પુરુષાર્થથી છ દ્રવ્યોને જાણે અને તેમાં 'જાણનારો હું, મારૂં સ્વરૂપ પૂર્ણ જાણવું' એમ સ્વભાવની શ્રદ્ધા કરે, ત્યાર પછી પણ જ્યાં સુધી પૂર્ણ દશા નથી પ્રગટી ત્યાં સુધી સંતોષ વળશે નહીં એટલે કે પુરુષાર્થ ક્યાં જ કરશે અને રાગ–દ્વેષ ટાળીને જ્ઞાન જ કરશે.

આત્માનું સ્વરૂપ અરૂપી, તેનું બધું અરૂપી જ હોય; આત્માનું જ્ઞાન અરૂપી, તેની શ્રદ્ધા અરૂપી, તેનો માર્ગ અરૂપી, તેનું ફળ અરૂપી, અરૂપીનું બધું અરૂપી છે. અરૂપીને જાણનારો પોતે અરૂપી છે, પણ પોતાને જાણવાની કદી દરકાર કરી નથી, તેથી અઘરૂં હોય એવું લાગે છે–પણ અઘરૂં છે નહીં. ॥૯॥

હવે જીવના ઉપયોગનું લક્ષણ કહે છે :—

जीवो उवओगमओ उवओगो णाणदंसणो होई।
णाणुवओगो दुविहो सहावणाणं विभावणाणं ति॥१०॥

जीव उपयोगमयः उपयोगो ज्ञानदर्शनं भवति।
ज्ञानोपयोगो द्विविधः स्वभावज्ञानं विभावज्ञानमिति॥१०॥

અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪. –શ્રી પ્રવચનસાર

આ દસથી પંદર સુધીની ગાથાઓ ઊંચી છે. પ્રથમ જ આત્માને ઉપાડ્યો છે. આત્મા ઉપયોગમય છે. ઉપયોગ એટલે સ્વ–પરને જાણવાના આત્માના જ્ઞાનના ભાવ; અથવા ચૈતન્યની અવસ્થારૂપ ભાવ તે ઉપયોગ છે. ઉપયોગના બે પ્રકાર છે ૧–જ્ઞાનોપયોગ અથવા જાણવાનો ઉપયોગ અને ૨–દર્શનોપયોગ અથવા દેખવાનો ઉપયોગ; ઉપયોગ બધા જીવોને થઈ રહ્યો છે. તેમાં જ્ઞાનોપયોગના સ્વભાવિકજ્ઞાન અને વિભાવિકજ્ઞાન એવા બે પ્રકાર છે.

આત્માના ચૈતન્યગુણની સાથે વર્તવાવાળા પરિણામને ઉપયોગ કહે છે; આત્મા વસ્તુ છે, તેના ચૈતન્ય એટલે જાણવા–દેખવાના ગુણની સાથે ક્ષણેક્ષણે વર્તવાવાળો જે ભાવ તેનું નામ ઉપયોગ છે. આત્માનો ચૈતન્યગુણ જાણવા–દેખવા સહિત છે. ''આ લાકડું છે, આ પુસ્તક છે, આ રાગ છે'' એવા જ્ઞાનના પરિણામ આત્મા સાથે વર્તે છે તે ઉપયોગ છે; અથવા ''આ લાકડું છે'' એમ આત્માના ચૈતન્યમાં પરને જાણવાના ભાવ થયા તે ઉપયોગ અને પરિણામ છે.

જાણવું–દેખવું તે આત્માનો ધર્મ છે, તેમાં કાંઈ કરવા મૂકવાનો ભાવ તે વિકાર છે. જાણવા–દેખવારૂપ વ્યાપાર તે આત્માનો ધર્મ છે, આત્મા તેનો ધર્મી છે.

માણસો બહારમાં લુગડાં, અનાજ વગેરેનો વેપાર કરે છે એમ માને છે, પણ ખરેખર તો લુગડાં વગેરેમાં ''આ લઉં, આ મૂકું, આ સારૂં'' એવા ભાવથી જે લક્ષ કર્યું તેમાં રાગ–દ્વેષનો વેપાર કર્યો છે. બહારની કોઈ વસ્તુ આત્મા ફેરવી શકે નહીં, પણ પોતાના ભાવ ફેરવી શકે. અહીં એટલું કહેવું છે કે આત્માનો જાણવા દેખવારૂપ વેપાર તે ઉપયોગ છે. જાણવા દેખવામાં રાગ–દ્વેષ કરે તો તે વિકારી ઉપયોગ છે; અને ''હું તો જાણું દેખું'' એવો આત્માનો સ્વભાવ ભાવ તે આત્માનો ઉપયોગ છે અર્થાત્ સ્વભાવ ઉપયોગ છે. તેરમી ભૂમિકાએ ઉપયોગનું જોડાણ નથી, ત્યાં તો પરિણમન અખંડ છે.

આત્માના પરિણામ આત્મા–સાથે હોય, તે ઉપયોગ છે; તેમાં રાગ–દ્વેષ કરે તો તે વિકારી છે અને રાગ–દ્વેષ ન કરતાં માત્ર જાણે તે ધર્મ છે. સંસારની સગવડ કે અગવડ પુણ્ય–પાપથી મળે છે–તે પુણ્ય–પાપની અહીં વાત નથી, અહીં તો ધર્મની વાત છે. સાચી સમજણના મંત્રો કહેવાય છે જે સમજે, તેમાં રસ લાગે, પ્રીતિ થાય અને અંદર ઊતરી જાય, ત્યારે સ્વરૂપનો આનંદ આવે.

**તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,**
**પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫. –શ્રી પ્રવચનસાર**

ધર્મ એટલે શું? કે આત્માનો જાણવા–દેખવાનો સ્વભાવ તે તેનો ધર્મ, અને જાણનાર–દેખનાર એવો આત્મા તે ધર્મી. આત્માનો ધર્મ આત્માથી બહાર હોઈ શકે નહીં. આત્મામાં જાણવું–દેખવું અને ઠરવું તે જ ધર્મ છે.

આત્મા દિવા સમાન છે, અને જાણવા દેખવાના ભાવ તે પ્રકાશ સમાન છે; જેમ દીવો અને પ્રકાશ એક છે તેમ જાણવા દેખવારૂપ આત્માનો સ્વભાવ અને આત્મા બન્ને એક છે; અધૂરી અવસ્થામાં જે રાગ–દ્વેષ થાય છે તે આત્માનો સ્વભાવ નથી.

આત્મામાં ઉપયોગ (વેપાર) થાય તેના બે પ્રકાર છે. ૧–જાણવાનો ૨–દેખવાનો.

દેખવું એટલે દર્શનઉપયોગ; આત્માનો સામાન્ય વેપાર; પરને જાણતાં પહેલાં છદ્મસ્થને સામાન્ય ચૈતન્યનો વ્યાપાર થાય તે દર્શનઉપયોગ, તથા પરને જાણવા માટે ચૈતન્યનો વિશેષ વ્યાપાર તે જ્ઞાનઉપયોગ છે. જ્ઞાનઉપયોગ એટલે જાણવાનો વેપાર, તેના બે પ્રકાર છે. ૧–સ્વાભાવિક જ્ઞાનઉપયોગ, ૨–વિભાવિકજ્ઞાનઉપયોગ.

હવે સ્વાભાવિકજ્ઞાનઉપયોગનું વર્ણન કરે છે :—સ્વાભાવિક એટલે આત્માનો સ્વભાવ; સ્વાભાવિકજ્ઞાન અમૂર્તિક છે એટલે રૂપ વગરનું છે, તેને કોઈ પીડા (આવરણ) નથી તેથી અવ્યાબાધ છે, ઈન્દ્રિય કે મનનું નિમિત્ત નથી તેથી અતીન્દ્રિય છે અને કદી તેનો નાશ નથી તેથી અવિનશ્વર છે; આવું સ્વભાવિકજ્ઞાન તે પોતાનો સ્વભાવ છે, રાગને લઈને, ઈન્દ્રિયને લઈને કે નિમિત્તને લઈને તે જ્ઞાન નથી પણ પોતાના સ્વભાવથી છે.

પહેલાં ઉપયોગના બે પ્રકાર કહ્યા, જ્ઞાન અને દર્શન; જ્ઞાનઉપયોગના બે પ્રકાર કહ્યા–સ્વાભાવિક અને વિભાવિક; હવે સ્વભાવજ્ઞાનઉપયોગના પણ બે પ્રકાર છે–(૧) કાર્યરૂપ સ્વાભાવિક જ્ઞાનઉપયોગ, (૨) કારણરૂપ સ્વાભાવિક જ્ઞાનઉપયોગ.

આ બધું કહીને જીવતત્ત્વની ઓળખાણ આપી છે, જીવનો સ્વભાવ શું છે તે બતાવ્યું છે. કેવળજ્ઞાનની નિર્મળપર્યાયરૂપી કાર્ય પ્રગટ્યું તે કાર્યસ્વભાવ જ્ઞાનઉપયોગ છે. તથા કારણસ્વભાવ જ્ઞાન કે જે દ્રવ્યની ત્રિકાળી શક્તિ છે તેને પણ ઉપયોગ કહ્યો છે. આત્માના પરિણામમાં જે કાર્યસ્વભાવ તે તો ઉપયોગ છે પણ કારણસ્વભાવજ્ઞાનને ઉપયોગ તરીકે અહીં વર્ણવ્યો છે, કેમ કે અહીં ઉપયોગના ભેદની વાત ચાલે છે.

(ક્રમશઃ)

સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની
પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬. –શ્રી પ્રવચનસાર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**सयलट्ठविसयजोओ बहुपुण्णस्स वि ण सव्वहा होदि ।**
**तं पुण्णं पि ण कस्स वि सव्वं जेणिच्छिदं लहदि ।।५०।।**

**અર્થ :—** આ સંસારમાં સમસ્ત પદાર્થો વિષય અર્થાત્ ભોગ્ય વસ્તુ છે તે સર્વનો, યોગ મોટા પુણ્યવાનને પણ સર્વાંગપણે મળતો નથી. અર્થાત્ એવું કોઈ પુણ્ય જ નથી કે જે વડે બધાય મનોવાંછિત (પદાર્થો) મળે. ૫૦.

ચિદાનંદ આત્મા સ્વભાવથી પરિપૂર્ણ છે. તેની દૃષ્ટિ અને ભાવના કરે તો અપૂર્ણતા રહે નહિ. આત્માથી ભિન્ન એવા સંયોગોનો ભોગવટો કદી પૂર્ણ થતો નથી. બહારના સંયોગમાં પૂર્ણતા કરવા માગે તો તે કદી થતી નથી. જુઓ, અહીં ચૈતન્ય સ્વભાવની પાસે આખા સંસારને તુચ્છ બતાવે છે. અરે ! ચિદાનંદસ્વભાવની પૂર્ણતા છે ને સંસારમાં સંયોગનો ભોગવટો તો કદી કોઈને પૂરો મળતો નથી. સંસાર તો સ્વપ્ન જેવો છે. પુણ્યના ફળ આવે ને પાંચ-પચીસ વર્ષ રહીને ક્ષણમાં ફૂ થઈને ઊડી જાય ! સ્વભાવની પૂર્ણતા પ્રગટી તેનો કદી વિરહ થાય નહિ ને સંસારમાં પુણ્યનો સંયોગ કોઈને કાયમ રહે નહિ. અહો ! સંસારમાં પ્રથમ તો પુણ્યનો પૂરો યોગ કોઈને મળતો નથી અને પુણ્યનો સંયોગ મળ્યો તેમાં પણ સુખ નથી, પુણ્યનાં ફળને ભોગવવાની તૃષ્ણા તે દુઃખ છે. સંયોગમાંથી સુખ ભોગવવાનું જ્ઞાની માનતા નથી. અજ્ઞાની સ્વભાવની ભાવના ચૂકીને સંયોગમાં સુખ માને છે. પહેલાં એ વાત લક્ષમાં લેવી જોઈએ કે અરે ! સંસારમાં મારું સુખ ક્યાંય બહારમાં નથી, મારું સુખ તો મારા આત્મામાં જ છે. આમ ઓળખે તો તેની ભાવના ફરી જાય, સંસારની ને સંયોગની ભાવના છૂટી જાય, એટલે સંસારની તીવ્ર લોલુપતાનો ભાવ છૂટી જાય. અજ્ઞાની તો જાણે છે કે સંયોગમાંથી સુખ લઈ લઉં—એમ માને છે, એટલે તે સંયોગનું અભિમાન કરે છે. અરે ભાઈ ! તારા સુખનું ધામ તો આત્મામાં છે, માટે તેને ઓળખીને તેની ભાવના કર. સુખની ખાણ તો તારામાં ભરી છે. સંયોગમાં તારું સુખ ભર્યું નથી. પુણ્યનો વૈભવ હોય ભલે, પણ તું તારા ચૈતન્યવૈભવનો આદર છોડીને તેની ભાવના કરીશ નહિ. ભરતને છ ખંડનો રાજવૈભવ હતો પણ તે અંતરમાં એવી ભાવના

**ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;**
**ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭. —શ્રી પ્રવચનસાર**

કરતા હતા કે અરે ચિદાનંદ હંસલા! આ સંયોગ તે તારી ચીજ નથી. તારું પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તેમાં જ તારી શાંતિ છે આમ તે પોતાના સ્વભાવની જ ભાવના ભાવે છે.

સમંતભદ્રસ્વામી તીર્થંકરોની સ્તુતિ કરતાં કહે છે કે હે નાથ! સમ્યગ્દષ્ટિ જ આપને ઓળખીને પૂજ્ય માને છે. જેને પુણ્યની રુચિ છે એવા અભવ્ય કે મિથ્યાદષ્ટિ જીવો આપને ખરેખર નહિ પૂજે. કેમ કે આપનો આત્મા પુણ્ય-પાપ રહિત ચિદાનંદસ્વરૂપ છે. તેથી આપને જે પૂજ્ય માને તેને પુણ્યની રુચિ હોય નહિ. એટલે ખરેખર સમ્યગ્દષ્ટિ જીવ જ ભગવાનને પૂજે–વંદે છે. દ્રવ્યસંગ્રહના મંગલાચરણમાં ભગવાનને "સો ઈન્દ્રોથી વંદ્ય" કહ્યા છે, તેથી તે બધા ઈન્દ્રો પણ સમ્યગ્દષ્ટિ હોવા જોઈએ. જેને પોતાના પુણ્ય-પાપ રહિત નિર્મળ સ્વભાવનો આદર થયો તે જ જીવ ખરેખર ભગવાનને વંદન કરનાર છે. હે ભગવાન ! આપ સમ્યગ્દષ્ટિથી જ પૂજ્ય છો. અજ્ઞાની જીવ સામાન્યપણે વંદન કરે તેમાં તો શુભભાવ છે, તે કાંઈ ધર્મ નથી. જેણે પરમાર્થે પોતાના સ્વભાવને પૂજ્ય જાણ્યો છે એવા ધર્મીજીવથી જ ભગવાન ખરેખર વંદ્ય-પૂજ્ય છે.

પૂર્ણ સ્વભાવની ભાવના કરવા જેવી છે, બહારમાં સંયોગની ભાવના કરવા જેવી નથી. જેને સંયોગની ભાવના છે તે ખરેખર ભગવાનનો ભક્ત નથી. (ક્રમશઃ)*

---

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ)

છે. અહીં આપણે એ વાત ચાલે છે કે જ્ઞાની, આસક્તિને લઈને બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં એ રાગ—શુભાશુભ ભાવ—કાળો નાગ લાગે છે.

**'જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.'**

જ્ઞાનીને અભિપ્રાયમાંથી રાગ છૂટી ગયો છે પણ આસક્તિની સ્થિતિમાં વર્તતા હોવાથી સ્થિરતા અપેક્ષાએ હજુ રાગ છૂટ્યો નથી. આ રીતે વિભાવની વચ્ચે ઊભા હોવાથી વિકલ્પો આવે, શુભભાવ આવે, છતાં વિભાવથી તે જુદા છે, ન્યારા છે. ધર્મી જીવને, સ્વરૂપની દષ્ટિના જોરે રાગને ઝેર અને કાળો નાગ જાણતા હોવા છતાં, તે આવે છે; છતાં ધર્મી તે રાગથી ન્યારા છે, તેના ઉપર તેની નજર નથી. જેની કૂખે સવા નવ મહિના રહ્યો તે જણેતા સ્નાન કરીને કપડાં બદલતી હોય ત્યારે તેના લાવણ્ય પ્રત્યે કુલીન પુત્રની કદાચિત્ નજર પડી જાય, પણ નજર પડી એ પડી જ નથી; એમ ધર્મીને શુભ રાગ આવે પણ ત્યાં તેની નજર નથી. અહા! આવો માર્ગ છે પ્રભુ! *



# અરિહંતદેવનો સાચો સેવક કેવો હોય છે?

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, ભાદરવા સુદ ૨, રવિવાર)

પહેલાં હજી વ્યવહાર શું અને નિશ્ચય શું તે જાણે નહીં, અને વ્યવહારશુદ્ધિ વિના નિશ્ચયની માત્ર વાતો મોઢેથી કરે તે અરિહંતના સેવક કહેવાય નહીં. અરિહંતના સેવક થવા માટે તો એક વાર બીજું બધું જતું કરવું પડશે. હજી વ્યવહારશુદ્ધિના ઠેકાણાં ન મળે અને નિશ્ચયની માત્ર વાતો કરે તે ભૂલે છે. નિશ્ચય સ્વરૂપ તે શું છે!! નિશ્ચયસ્વરૂપ એ તો આત્માનો અજરઅમર પ્યાલો છે.

પહેલાં જે કુદેવાદિને માનતો હતો તે દૂષણ હતું, તે દૂષણ છોડી દઈને હર્ષપૂર્વક જિનદેવની ભક્તિ, વિનય કરે ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહેવાય. વધારે પૈસાવાળાનું બહુમાન કરવું તે કાંઈ વિનય નથી, ત્યાં તો પૈસાની રુચિનો તીવ્ર અશુભભાવ છે.

સંસારમાં દીકરી-દીકરાના સગપણ વગેરે માટે કેટલી ચિંતા કરે છે અને તેમાં કેવી હોંશથી કામ કરે છે? અહીં કહે છે કે ભાઈ! અરિહંતદેવ કે જેઓ સર્વજ્ઞ, વીતરાગ, ભગવાન, પરમ પિતા, સ્વરૂપના અન્નદાતા, તીર્થના સ્વામી, ધર્મનાયક, ધર્મદાતા, ધર્મસાગર ને દેવાધિદેવ છે તેમને જો તું હિતવાંછક તરીકે—દેવ તરીકે—સ્વીકારતો હો તો હર્ષપૂર્વક અંતરના ઉલ્લાસથી તેમની ભક્તિ, પૂજા, પ્રભાવના વગેરે કરવા જોઈએ. કોઈ બીજો કામ કરવાનું કહે અને પછી પોતે કરે તેમ નહીં, પણ અંતરથી પોતાના જ હર્ષપૂર્વક કામ કરે કે અહો! મારા ધનભાગ્ય કે આ લાભ મને મળ્યો, આવા ટાણાં ક્યારે મળે? સત્ દેવ-ગુરુની ભક્તિ જો હર્ષપૂર્વક ન કરે તો તે અરિહંતદેવનો સેવક વ્યવહારે પણ નથી, બાહ્ય જૈની પણ નથી. અરિહંતના સેવક હોય તે તો ધર્મના કામ આવતાં હર્ષથી ઉછળી પડે છે.

અહો! ધનભાગ્ય કે અમારે માથે આ કામ આવ્યાં. અમારાં શરીર, અમારાં મન, અમારો રાગ, અમારાં વચન, અમારું ધન વગેરે બધું ભગવાન પરમેશ્વર દેવાધિદેવની પ્રભાવના-ભક્તિ માટે કામ આવે; દેવ-ગુરુ-ધર્મને માટે અમારાં તન-મન-ધન વગેરે

**જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;**
**જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮. –શ્રી પ્રવચનસાર**

વપરાય તે સફળ છે, અમારાં ધનભાગ્ય છે. આ પ્રમાણે વ્યવહારે જિનદેવાદિકના સેવક થતાં વિચારપૂર્વક વ્યવહારસમ્યક્ત્વના પચીસ દોષને ન લગાડે અર્થાત્ તે દોષોનો ત્યાગ કરે. તે નીચે પ્રમાણે છે :—

૧. જાતિમદ—જાતિનું અભિમાન ન હોય, પણ દેવ-ગુરુનું બહુમાન હોય કે દેવ-ગુરુથી ઊંચા જગતમાં છે જ કોણ? હું તો તેમનો દાસ છું.

૨. લાભમદ—લાભનો અહંકાર ન હોય.

૩. કુળમદ—'અમારા કુળની સાત પેઢીના બધાય માણસો માખણના પીંડલા જેવા કોમળ અને ખાનદાન હતા' એ કુળનું અભિમાન છે, તે અરિહંતના સેવકને ન હોય; પણ અમારા દેવ તો સર્વજ્ઞ વીતરાગ છે એમ વિનય હોય.

૪. રૂપમદ—શરીરની સૌંદર્યતા તે તો બધા પ્રકૃતિના ચાળા છે, તે મારું સ્વરૂપ નથી. એ રીતે રૂપનો અહંકાર ન હોય.

૫. તપમદ—આઠ ઉપવાસ કે માસખમણ કરે અને તેના અભિમાન કરે તે તપમદ છે. વ્યવહારે પણ અરિહંત ભગવાનના ભક્ત થવા માગતા હોય તેને આ એકેય મદ હોય નહીં.

૬. બલમદ—શરીરબળનો મદ ન હોય. અરે! બળ કોનું? આ શરીર આત્માનું હતું જ ક્યારે? મરણ વખતે આંખની પાંપણ પણ નહિ ફરે!

૭. વિદ્યામદ—વકીલાતની બુદ્ધિ ઘણી હોય કે બીજી લૌકિક કળામાં ડહાપણ હોય તેના અભિમાન અરિહંતદેવના સેવકને ન હોય.

૮. અધિકારમદ—મોટા હોદ્દા મળવા તે તો પૂર્વના પુણ્યનું ફળ છે. અમે કલેક્ટર છીએ, અમે લક્ષાધિપતિ છીએ વગેરે પદવીનો અહંકાર ન જોઈએ. અરિહંતદેવ ત્રણલોકના નાથ છે, તેમની પાસે તો તું રાંકો છે! અરિહંતદેવને તો સો ઈન્દ્રો પૂજે છે કે જેના મુગટમાં અમૂલ્ય રત્નો છે, અને તે એકેક રત્નની કિંમતમાં તો ચક્રવર્તીના રાજ ડૂલી જાય. તો એવો મુગટ ભગવાનના ચરણમાં નમાવી દીએ છે. વળી ઈન્દ્રના સિંહાસનની નીચેના પત્થરના પણ અબજો રૂપિયા ઉપજે. એવી રિદ્ધિના સ્વામી, ૩૨ લાખ વિમાન (દેવોના વિમાન થાય છે તે)ના ધણી ઈન્દ્ર પણ અરિહંતદેવ પાસે તો

**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯. –શ્રી પ્રવચનસાર**

નમ્રતા અને ભક્તિભાવના ઉલ્લાસથી નાચી ઉઠે છે. અને તે જ ઈન્દ્ર જ્યારે પોતાની ઈન્દ્રસભામાં સિંહાસન પર બેઠા હોય ત્યારે તો જાણે સિંહ બેઠો હોય એમ ઘણા જ ગંભીર હોય! એવા ઈન્દ્રો પણ ભગવાનને પૂજે છે અને ભક્તિથી નાચી ઉઠે છે, તો તે ઈન્દ્રની પાસે આ તારા અધિકારની શું કિંમત છે? માટે અધિકારનો મદ ન હોય. આ બધું હજી બાહ્ય જૈની ક્યારે બને તે કહેવાય છે, આત્માને ઓળખી અંતરંગ જૈની બને તે તો અપૂર્વ છે!

૯–૧૧ :—કુદેવ, કુગુરુ અને કુધર્મ નું સેવન તે મૂઢતા છે; એ જિનદેવના ભક્તને ન હોય. અહીં દ્વેષભાવની વાત નથી, પણ સત્-અસત્‌નો વિવેક છે.

૧૨–૧૯ :—શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદૃષ્ટિ, અનુપગૂહન, અસ્થિતિ-કરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના—એ આઠ દોષો છે તે જિનદેવના ભક્તને હોય નહીં.

સંખ્યા ઉપરથી સત્‌ની ગણતરી નથી, પણ સત્ તો સત્‌ની પરીક્ષાથી સત્ છે. લૌકિકમાં પણ સંખ્યાની ગણતરીની મુખ્યતા નથી. એક જ શ્રીકૃષ્ણ હતા તે એકલા ક્રોડો માણસો સામે લડ્યા હતા, છતાં સામાને હરાવી દીધા હતા. (શ્રીકૃષ્ણ અને જરાસંઘ વચ્ચેની લડાઈની આ વાત છે.) વળી ક્રોડો બકરાંનું ટોળું હોય ત્યાં એક સિંહ પૂરો પડી જાય. ત્યાં આટલા બધા બકરાંને એક સિંહ કેમ પહોંચી શકશે એવી શંકા થાય નહિ, તેમ વધારે માણસો માને છે તે ધર્મ સાચો હશે કે આ થોડા માણસો માને છે તે ધર્મ સાચો હશે એવી રીતે જિનદેવનો ભક્ત મૂંઝાય નહિ, પણ પરીક્ષા કરીને નક્કી કરે. દેવ, ગુરુ કે સાધર્મીઓ પ્રત્યે અરિહંતદેવનો ભક્ત અરુચિ ન કરે પણ પ્રીતિથી આદર કરે.

૨૦–૨૫ :—કુદેવ, કુગુરુ, કુધર્મ તથા કુદેવસેવક, કુગુરુસેવક અને કુધર્મસેવક એ છ અનાયતન છે તેનો આદર જિનદેવના ભક્તને ન હોય.

ઉપર મુજબ પચીસ દોષો વિચારપૂર્વક જીવ ટાળે ત્યારે તો તે જન્મ-જરા-મરણને ટાળવામાં નિમિત્ત એવા પરમવૈદ્ય ત્રિલોકનાથ તીર્થંકરદેવનો વ્યવહારે ભક્ત થયો કહેવાય. (ક્રમશઃ)

**પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;**
**ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦. –શ્રી પ્રવચનસાર**

# આત્મહિતના અભિલાષીનું પ્રથમ કર્તવ્ય

## તત્ત્વનિર્ણય

તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નીરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી તથા કુક્ષેત્રી આદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે કે :–

(शार्दूलविक्रीडित)

**न क्लेशो न धनव्ययो न गमनं देशान्तरे प्रार्थना**
**केषांचिन्न बलक्षयो न तु भयं पीडा न परस्यापि न**
**सावद्यं न न रोग जन्मपतनं नैवान्यसेवा न हि**
**चिद्रूपंस्मरणे फलं बहुकथं तिन्नाद्रियन्ते बुधाः॥**

(तत्त्वज्ञानतरंगिणी)

અર્થ :—ચિદ્રૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માનું સ્મરણ કરવામાં નથી ક્લેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાંતરે જવું પડતું, નથી કોઈ પાસે પ્રાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઈ તરફથી ભય કે પીડા થતી; વળી તે સાવદ્ય (પાપનું કાર્ય) નથી, રોગ કે જન્મ-મરણમાં પડવું પડતું નથી, કોઈની સેવા કરવી પડતી નથી; આવી કોઈ મુશ્કેલી વિના જ્ઞાનસ્વરૂપ આત્માના સ્મરણનું ઘણું જ ફળ છે, તો પછી ડાહ્યા પુરુષો તેને કેમ આદરતા નથી ?

વળી, જે તત્ત્વનિર્ણયની સન્મુખ નથી થયા તેમને જાગૃત કરવા ઠપકો આપે છે કે :–

**साहिणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाई।**
**ते धिट्ठदुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा॥**

અર્થ :—ગુરુનો યોગ સ્વાધીન હોવા છતાં જેઓ ધર્મવચનોને સાંભળતા નથી તેઓ ધીઠ અને દુષ્ટ ચિત્તવાળા છે અથવા તેઓ ભવભયરહિત સુભટ છે,–જે સંસારથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તેનાથી તેઓ ડરતા નથી ! આમ કહીને તેના ઉપર કટાક્ષ કર્યો છે.

**જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો**
**તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.　　　–શ્રી પ્રવચનસાર**

જેઓ શાસ્ત્રાભ્યાસ દ્વારા તત્ત્વનિર્ણય તો નથી કરતા અને વિષય કષાયના કાર્યોમાં જ મગ્ન છે તેઓ તો અશુભોપયોગી મિથ્યાદષ્ટિ છે; તથા જે સમ્યગ્દર્શન વિના પૂજા, દાન, તપ, શીલ સંયમાદિ વ્યવહારધર્મમાં (શુભભાવમાં) મગ્ન છે, તે શુભોપયોગી મિથ્યાદષ્ટિ છે. માટે ભાગ્યોદયથી જેઓ મનુષ્યપર્યાય પામ્યા છે તેમણે તો સર્વ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન, અને તેનું મૂળ કારણ તત્ત્વનિર્ણય, તથા તેનું પણ મૂળ કારણ સત્સમાગમ અને શાસ્ત્રાભ્યાસ, તે અવશ્ય કરવાયોગ્ય છે.

જે આવા અવસરને વ્યર્થ ગુમાવે છે તેમના ઉપર બુદ્ધિમાન કરુણા કરીને કહે છે કે :—

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्य जन्मने।
तां प्राप्य ये प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमताम्॥

(આત્માનુશાસન : ૯૪)

અર્થ :—પ્રથમ તો સંસારમાં બુદ્ધિ હોવી જ દુર્લભ છે, અને પરલોક અર્થે બુદ્ધિ થવી તો અતિ દુર્લભ છે. એવી બુદ્ધિ પ્રાપ્ત થયા છતાં જેઓ પ્રમાદ કરે છે તે જીવો વિષે જ્ઞાનીઓને શોચ થાય છે.

આ દુર્લભ મનુષ્ય જન્મ પામીને જેને સાચા જૈની થવું છે તેણે તો સત્સમાગમ અને શાસ્ત્રના આશ્રયે તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે; પણ જે તત્ત્વનિર્ણય તો નથી કરતો, અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ આદિ બધાંય કાર્યો કરે છે, તેનાં એ બધાંય કાર્યો અસત્ય છે. માટે સત્સમાગમે આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. જિનવચન તો અપાર છે, તેનો પૂરો પાર તો શ્રી ગણધરદેવ પણ પામ્યા નહિ. માટે જે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ છે તે તો નિર્ણયપૂર્વક અવશ્ય જાણવાયોગ્ય છે. કહ્યું છે કે :—

अन्तो णत्थि सुईणं कालो थोआक्यं च दुम्मेहा।
तंणवरं सिक्खियव्वं जिं जर मरणक्खयं कुणहि॥ (પાહુડ દોહા : ૯૮)

અર્થ :—શ્રુતિઓનો અંત નથી, કાળ થોડો છે, અને અમે દુર્બુદ્ધિ (અલ્પબુદ્ધિવાળા) છીએ. માટે હે જીવ ! તારે તો શીખવાયોગ્ય એ છે કે જેથી તું જન્મ-મરણનો નાશ કરી શકે. (ક્રમશઃ)

**અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે**
**નિત્યે સહસ્ર દુખે પીડિત સંસારમાં અતિ અતિ ભમે. ૧૨. –શ્રી પ્રવચનસાર**

# આહારદાનનું વર્ણન

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સર્વે જીવોને સુખ જોઈએ છે.

પૂર્ણ સુખ મોક્ષદશામાં છે.

મોક્ષનું સાધન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

એ રત્નત્રય નિર્ગ્રંથ મુનિને હોય છે.

મુનિનું શરીર આહારાદિના નિમિત્તે ટકે છે.

આહારનું નિમિત્ત ગૃહસ્થ–શ્રાવકો છે.

માટે પરંપરાએ ગૃહસ્થ મોક્ષમાર્ગનું કારણ છે.

જે શ્રાવકે મુનિને ભક્તિથી આહારદાન આપ્યું તેણે મોક્ષમાર્ગ ટકાવ્યો—એમ પરંપરા નિમિત્તથી કહ્યું છે. પણ આમાં આહાર લેનાર ને દેનાર બંને સમ્યગ્દર્શનવાળા છે, બંનેને રાગનો નિષેધ ને સ્વભાવનો આદર વર્તે છે. આહારદાન દેનારને પણ સત્પાત્ર ને કુપાત્રનો વિવેક છે. ગમે તેવા મિથ્યાદૃષ્ટિ–અન્યલિંગીને ગુરુ માનીને આદરે તેમાં તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

ધર્મી શ્રાવકને તો મોક્ષમાર્ગની પ્રવૃત્તિનો પ્રેમ છે. સુખ તો મોક્ષદશામાં છે એમ તેણે જાણ્યું છે એટલે તેને બીજે ક્યાંય સુખબુદ્ધિ નથી. રત્નત્રયધારી દિગંબરમુનિ આવા મોક્ષસુખને સાધી રહ્યા છે, તેથી મોક્ષાભિલાષી જીવને આવા મોક્ષસાધક મુનિ પ્રત્યે પરમ ઉલ્લાસ, ભક્તિ ને અનુમોદના આવે છે; ત્યાં આહારદાન વગેરેના પ્રસંગ સહેજે બની જાય છે.

જુઓ, અહીં તો શ્રાવક પણ એવા છે કે જેને મોક્ષમાં જ સુખ ભાસ્યું છે, સંસારમાં એટલે પુણ્યમાં–રાગમાં–સંયોગમાં ક્યાંય સુખ ભાસ્યું નથી. જેને પુણ્યમાં મીઠાસ લાગે, રાગમાં સુખ લાગે, તેને મોક્ષના અતીન્દ્રિય સુખની પ્રતીત નથી, ને મોક્ષમાર્ગી મુનિવર પ્રત્યે તેને સાચી ભક્તિ ઉલ્લસતી નથી. મોક્ષસુખ તો રાગ વગરનું છે; એને ઓળખ્યા વગર, રાગને સુખનું કારણ માને તેણે મોક્ષને કે મોક્ષમાર્ગી સંતોને ઓળખ્યા નથી, ને ઓળખાણ વગરની ભક્તિને સાચી ભક્તિ કહેવાય નહીં.

**અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩. –શ્રી પ્રવચનસાર**

મુનિને આહારદાન દેનાર શ્રાવકનું લક્ષ મોક્ષમાર્ગ ઉપર છે કે અહા ! આ ધર્માત્મા મુનિરાજ મોક્ષમાર્ગને સાધી રહ્યા છે. એ મોક્ષમાર્ગના બહુમાનથી ને તેની પુષ્ટિની ભાવનાથી આહારદાન આપે છે તેથી તેને મોક્ષમાર્ગ ટકાવવાની ભાવના છે ને પોતામાં પણ તેવો મોક્ષમાર્ગ પ્રગટ કરવાની ભાવના છે; તેથી કહ્યું કે આહારદાન દેનાર શ્રાવક દ્વારા મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય છે. જેમ ઘણીવાર સંઘ જમાડનારને એવી ભાવના હોય છે કે આમાં કોઈ જીવ બાકી રહી જવો ન જોઈએ, કેમકે આમાં કદાચ કોઈ જીવ તીર્થંકર થનાર હોય તો !—આ રીતે જમાડવામાં તેને અવ્યક્તપણે તીર્થંકરાદિના બહુમાનનો ભાવ છે. તેમ અહીં મુનિને આહાર દેનાર શ્રાવકની મીટ મોક્ષમાર્ગ ઉપર છે. આહાર દઉં ને પુણ્ય બંધાય–એના ઉપર એનું લક્ષ નથી. એનું એક દૃષ્ટાન્ત આવે છે કે કોઈએ ભક્તિથી એક મુનિરાજને આહારદાન દીધું ને તેના આંગણે રત્નવૃષ્ટિ થઈ, ત્યાં બીજો કોઈ લોભી માણસ એમ વિચારવા લાગ્યો કે હું પણ આ મુનિને આહારદાન કરું જેથી મારા ઘરે રત્નોની વૃષ્ટિ થશે.

—જુઓ, આ ભાવનામાં તો લોભનું પોષણ છે. શ્રાવકને એવી ભાવના ન હોય; શ્રાવકને તો મોક્ષમાર્ગના પોષણની ભાવના હોય કે અહા! ચૈતન્યના અનુભવથી જેવો મોક્ષમાર્ગ આ મુનિરાજ સાધી રહ્યા છે તેવો મોક્ષમાર્ગ હું પણ સાધું. આવી મોક્ષમાર્ગની પ્રવૃત્તિની ભાવના તેને વર્તે છે. માટે આ ક્લિષ્ટ કાળમાં પણ પ્રાયઃ આવા શ્રાવકો દ્વારા મોક્ષમાર્ગની પ્રવૃત્તિ છે—એમ કહ્યું છે.

અંદરમાં શુદ્ધ દૃષ્ટિ તો છે, રાગથી પૃથક ચૈતન્યનું વેદન થયું છે, ત્યાં શ્રાવકને આવો શુભભાવ આવે તેના ફળથી તે મોક્ષફળને સાધે છે એમ પણ ઉપચારથી કહેવાય, પણ ખરેખર તે વખતે અંતરમાં જે રાગથી પાર દૃષ્ટિ પડી છે તે જ મોક્ષને સાધી રહી છે. (પ્રવચનસાર ગાથા–૨૫૪માં પણ એ જ અપેક્ષાએ વાત કરી છે.) અંતર્દૃષ્ટિને સમજ્યા વગર એકલા રાગથી ખરેખર મોક્ષ થવાનું માની લ્યે તો તેને શાસ્ત્રના અર્થની કે સંતોના હૃદયની ખબર નથી, મોક્ષમાર્ગનું સ્વરૂપ તે જાણતો નથી. અત્યારે અધિકાર જ વ્યવહારની મુખ્યતાથી છે એટલે તેમાં તો વ્યવહારકથન હોય; અંદર દૃષ્ટિનો પરમાર્થ લક્ષમાં રાખીને સમજવું જોઈએ.

એકકોર જોરશોરથી ભારપૂર્વક એમ કહેવાય છે કે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ ધર્મ થાય, ને અહીં કહ્યું કે આહારના ને શરીરના નિમિત્તે ધર્મ ટકે છે,—છતાં તેમાં કાંઈ પરસ્પર વિરોધ નથી, કેમકે પહેલું પરમાર્થકથન છે ને બીજું ઉપચારકથન છે. મોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રાયઃ ગૃહસ્થોએ દીધેલા દાનથી થાય છે, એમાં 'પ્રાયઃ' શબ્દ એમ સૂચવે છે કે એ નિયમરૂપ

**સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને**
**સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪. –શ્રી પ્રવચનસાર**

નથી; જ્યાં શુદ્ધાત્માના આશ્રયે મોક્ષમાર્ગ ટકે ત્યાં આહારાદિને નિમિત્ત કહેવાય,—એટલે એ તો ઉપચાર જ થયો. શુદ્ધ આત્માના આશ્રયે મોક્ષમાર્ગ ટકે છે—એ નિયમરૂપ સિદ્ધાન્ત છે, એના વિના મોક્ષમાર્ગ હોઈ શકે નહિ.


સુખ એટલે મોક્ષ; આત્માની મોક્ષદશા એ જ સુખ છે; એ સિવાય મકાનમાં, પૈસામાં, સ્રીમાં, શરીરમાં, રાગમાં–ક્યાંય સુખ નથી, ધર્મીને આત્મા સિવાય ક્યાંય સુખબુદ્ધિ નથી. ચૈતન્યથી બહાર કોઈ પ્રવૃત્તિમાં ક્યાંય સુખ છે જ નહીં. આત્માનો જે મુક્તસ્વભાવ તેના અનુભવમાં સુખ છે. સમ્યગ્દષ્ટિએ આવા આત્માનો નિશ્ચય કર્યો છે, તેના સુખનો સ્વાદ ચાખ્યો છે. અને ઉગ્ર અનુભવ વડે જેઓ મોક્ષને સાક્ષાત્ સાધી રહ્યા છે એવા મુનિ પ્રત્યે અત્યંત ઉલ્લાસથી ને ભક્તિથી તે આહારદાન દે છે.

આનંદસ્વરૂપ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા તે મોક્ષનું કારણ છે ને વચ્ચે વ્રતાદિ શુભપરિણામ તે પુણ્યબંધનું કારણ છે. આત્માના આનંદસાગરને ઊછાળીને તેમાં જે મગ્ન છે એવા નગ્ન મુનિઓ રત્નત્રયને સાધી રહ્યા છે, તેના નિમિત્તરૂપ દેહ છે ને દેહને ટકવાનું કારણ આહાર છે, તેથી જેણે ભક્તિથી મુનિને આહાર આપ્યો તેણે મોક્ષમાર્ગ આપ્યો, એટલે કે તેના ભાવમાં મોક્ષમાર્ગ ટકાવવાનો આદર થયો. આ રીતે ભક્તિથી આહારદાન દેનારા શ્રાવકો તે આ દુઃષમકાળમાં મોક્ષમાર્ગની પ્રવૃત્તિનું કારણ છે. આમ સમજીને મુનિ વગેરે સત્પાત્રને ધર્માત્મા શ્રાવકે રોજ ભક્તિથી દાન દેવું જોઈએ. અહો, મારા ઘરે કોઈ ધર્માત્મા–સંત પધારે, જ્ઞાન-ધ્યાનમાં અતીન્દ્રિય આનંદના ભોજન જમનારા કોઈ સંત મારા ઘરે પધારે, તો ભક્તિથી તેમને ભોજન કરાવીને પછી હું જમું.—આવો ભાવ ગૃહસ્થ–શ્રાવકને રોજ રોજ આવે છે. ઋષભદેવના જીવે પૂર્વે આઠમા ભવમાં મુનિવરોને પરમ ભક્તિથી આહારદાન દીધું હતું, ને તિર્યંચો પણ તેનું અનુમોદન કરીને ઉત્તમ ફળને પામ્યા હતા, એ વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે. શ્રેયાંસકુમારે આદિનાથ મુનિરાજને આહારદાન દીધું હતું, ચંદનાસતીએ મહાવીર મુનિરાજને આહારદાન દીધું હતું.—એ બધા પ્રસંગો પ્રસિદ્ધ છે. આ રીતે ચાર પ્રકારના દાનમાંથી આહારદાનની વાત કરી, હવે બીજા ઔષધિદાનનો ઉપદેશ આપે છે.





જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી
સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫. –શ્રી પ્રવચનસાર



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૯

**જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯.**

**‘જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.’**

—એટલે કે ભગવાન આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય ને આનંદસ્વરૂપ છે; શુભભાવ એનાથી વિરોધી છે. શુભભાવ આવે છે; પણ તેને વિષકુંભ કહ્યો છે ને!....એ ઝેર છે. જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે—શુભ કે અશુભ બંને—ઝેર છે, કાળો નાગ છે. શુભરાગ પણ સ્વરૂપનો સાધક નથી, બાધક છે, જેને અંદર ચૈતન્યવસ્તુની—જ્ઞાયક દ્રવ્યની—દૃષ્ટિ થઈ છે, તેને અશુભ ટળીને વચ્ચે શુભ આવે—એટલી અપેક્ષાએ શુભને વ્યવહારે સાધક કહેવાય છે; પણ નિશ્ચયથી તો ઝેર ને હેય છે. શુભભાવને ઉપાદેય માને તે અભિપ્રાય તો મિથ્યાત્વ છે. અહા! આવી વાત છે!

અત્યારે આ વાતના મોટા વાંધા ચાલે છે. પંડિતો કહે છે કે શુભભાવ વચ્ચે આવે છે માટે તે શુદ્ધતાનું સાધન છે. બાપુ! એ સાધન નથી; ભાઈ! તને માર્ગની ખબર નથી. આ આત્મા ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી વસ્તુ છે; એ જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવની અમૃત-વેલડી છે. એનો અનુભવમાં સ્વીકાર—આશ્રય કરતાં તો અમૃતનાં—અતીન્દ્રિય આનંદના—ફળ પાકે; કાંઈ ઝેર પાકે ? કોળાંની વેલડીમાં કોળાં પાકે, કારેલાં થાય ?—એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ અમૃતનો પિંડ છે, એ ત્રિકાળી અમૃતની વેલડી છે. અહા! એના સ્વીકાર ને સત્કારથી—એના અનુભવથી—અંદર અતીન્દ્રિય આનંદનાં કોળાં પાકે છે.

**‘હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.’**

જ્ઞાનીને, અવસ્થામાં પૂર્ણ વીતરાગ થયા નથી તેથી, આસક્તિરૂપ, અસ્થિરતારૂપ

---

સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્રપૂજિત એ રીતે
સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬. –શ્રી પ્રવચનસાર

શુભભાવ આવે, પરંતુ અભિપ્રાયમાં તો તે કાળો નાગ છે, ઝેર છે. પર્યાયમાં રાગ છે ખરો; નથી—એમ નહિ; પરંતુ ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક આત્માને અનુભવનારને અભિપ્રાયમાં તો એ શુભરાગ પણ ઝેર છે.

સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રતિક્રમણ આદિ શુભભાવને વ્યવહારે અમૃત કહ્યું છે. ખરેખર તે અમૃત નથી છતાં અમૃત કહેવું–એનું નામ વ્યવહાર છે. અંદર ત્રિકાળી અમૃતસ્વરૂપ જ્ઞાયકસ્વભાવની જેને પ્રતીતિ, જ્ઞાન ને અનુભૂતિ—પર્યાયમાં અમૃતદશા—પ્રગટી છે તેના, વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભ રાગને આરોપથી વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. એ છે તો રાગ, પણ નિશ્ચય સમકિતનો સહચારી દેખીને ઉપચારથી તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અહા! આવી વાત છે.

મોક્ષમાર્ગપ્રકાશકના સાતમા અધ્યાયમાં પણ આવે છે કે, જ્ઞાની ધર્માત્માને પણ હજુ આસક્તિને લઈને, હજુ પૂર્ણ વીતરાગ થયા નથી ત્યાં સુધી, રાગ તો આવે છે. અંતરમાં વિશેષ ટકી શકતા નથી તેથી જરા રાગમાં ઊભા છે, પણ રુચિમાં તેનો આદર નથી. હજી તો રાગ કોને કહેવો એ વાતમાં બધી મૂંઝવણ છે. અશુભ રાગને તો રાગ કહે, પણ અહીં તો ગુણ-ગણીના ભેદને લક્ષમાં લે તે પણ શુભ રાગ છે. જ્ઞાયકવસ્તુ અભેદ પૂર્ણ ચીજ છે, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. દૃષ્ટિનો વિષય અભેદ જ્ઞાયક છે; જ્યાં ગુણ-ગુણીના ભેદને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી, ત્યાં શુભભાવને આદરે કે સ્વીકારે એ હોય જ ક્યાંથી ? એ બને જ નહિ. ઉથલ-પાથલનો માર્ગ છે ભાઈ! વર્તમાનમાં તો લોકો—શુભ રાગની ક્રિયા કરો, વ્રત કરો, અપવાસ કરો, દેશસેવા કરો ને શાસ્ત્રની ભાષા સારી બનાવો—એ બધું ધર્મ છે એમ માને છે–ઠરાવે છે.

પ્રશ્ન :—લોકો જ નહિ, ઉપદેશકો પણ શુભમાં ધર્મ કહે છે!

ઉત્તર :—એવા ઉપદેશકો પણ લોકોમાં જ આવી જાય છે, ધર્મમાં નહિ. શુભભાવથી આત્માનો કાંઈ પણ લાભ થાય—ધર્મ થાય, એવી પ્રરૂપણા અને એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. અરે! આ તો ચોરાશીના જન્મ-મરણની હાર ઉલાળી દેવાની વાત છે. જેણે અંદર અનાદિનિધન નિત્યાનંદ પ્રભુને પકડ્યો તેને વચ્ચે શુભભાવ આવે, ત્યાં ઊભો પણ રહે, જરા અટકે પણ છે;—જ્ઞાનીને ચોથા ગુણસ્થાને ત્રણ કષાયનો, પાંચમે બેનો અને છઠ્ઠે એકનો સદ્‌ભાવ છે, તેથી તેને થોડો રાગ છે, અસ્થિરતાને લઈને તે હજુ બહાર થોડા

**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭. –શ્રી પ્રવચનસાર**

ઊભા છે;—પરંતુ અતીન્દ્રિય સમતાના આનંદ આગળ એ રાગ અભિપ્રાયમાં કાળો નાગ લાગે છે. છ ઢાળામાં કહ્યું છે : 'यह राग आग दहै सदा, तातै समामृत सेइये।' સમતારસથી ભરેલા ભગવાન આત્માની સમતારસઝરતી અમૃતદશાને સેવો. રાગ તો આગ છે; ભલે શુભ રાગ હો તો તે પણ આગ છે, કષાય છે; એ કષાયાગ્નિ આત્માની શાંતિને બાળે છે. એ શુભ રાગથી પણ રહિત અંદર સમતારૂપી અમૃતથી ભરેલો પ્રભુ છે એની સેવા કરો, એમાંથી શાંતિ ને આનંદ આવશે.

આત્મવસ્તુ પૂર્ણ શુદ્ધ ને પવિત્ર છે; છતાં પર્યાયમાં અશુદ્ધતા આવે છે. અશુદ્ધતા પર્યાયમાં પણ નથી જ—એમ નથી. શ્રી અમૃતચંદ્ર-આચાર્ય કહે છે કે, વસ્તુ તરીકે તો હું પૂર્ણ શુદ્ધ ચિન્મૂર્તિ છું પણ પર્યાયમાં, મોહકર્મ જેમાં નિમિત્ત છે એવી મારી અનુભાવ્ય દશામાં કલ્માષિત પરિણામપણે હું પરિણમું છું. મુનિને અશુભભાવ તો હોય નહિ પણ શુભભાવ આવે તે પણ કલુષિતતા છે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે : મુનિને અશુભ રાગ તો હોતો નથી; ધર્મના લોભી દેખીને પોતાની કમજોરીથી ઉપદેશનો શુભરાગ આવે, પણ છે એ દુઃખનું વેદન; એ ધર્મ નથી.

દૃષ્ટિનો વિષય દ્રવ્યસ્વભાવ છે, તેમાં તો અશુદ્ધતાની ઉત્પત્તિ છે જ નહિ. સમકિતીને એકેય અપેક્ષાએ અનંત સંસારનું કારણ એવાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાયનો બંધ નથી; પણ એના ઉપરથી કોઈ એમ જ માની લે કે એને જરીયે વિભાવ તેમ જ બંધ નથી જ, તો તે એકાંત છે. અંદરમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ હોવા છતાં હજુ આસક્તિ છે તે દુઃખરૂપ લાગે છે. રુચિ ને દૃષ્ટિ અપેક્ષાએ ભગવાન આત્મા તો અમૃતસ્વરૂપ આનંદનો સાગર છે, એના નમૂનાના વેદન આગળ શુભ ને અશુભ બન્ને રાગ દુઃખરૂપ લાગે છે, અભિપ્રાયમાં ઝેર ને કાળો સર્પ લાગે છે.

આવી વાત છે! સાંભળવા મળવી દુર્લભ છે. સંસારની પળોજણમાંથી માંડ થોડો વખત મળે ને સાંભળવા જાય ત્યાં કુગુરુ એને લૂંટી લે, શુભમાં—વ્રત-તપમાં ધર્મ છે એમ કરીને ત્યાં રોકી રાખે, મિથ્યાત્વના બંધનમાં એને જકડી રાખે. જન્મ સફળ થવો જોઈએ એને ઠેકાણે અફળ કરી નાખે. ધન્ય ભાગ્ય જેને આ સાંભળવા મળ્યું! આવો માર્ગ પ્રભુનો! અંદર વીતરાગ નિર્મળાનંદ પ્રભુ છે એની રુચિ, દૃષ્ટિ ને શ્રદ્ધા થવી એ પણ ધન્ય ભાગ્ય! તે જીવ આગળ વધી અનુભવ કરીને, ચારિત્ર લઈને કેવળ પામશે.

**ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્‌ભૂત ખરે. ૧૮. –શ્રી પ્રવચનસાર**

સમયસારની પહેલી ગાથા 'वंदित्तु सव्व सिद्धे'માં ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિ દ્વારા આચાર્યદેવે પોતામાં અને શ્રોતામાં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે, એટલે કે પોતે તો સિદ્ધપદને પામવાના છે જ, પણ શ્રોતાઓ પણ સાધક થઈને—સિદ્ધપર્યાય તરફ વળેલા થઈને—સિદ્ધપદ પામશે. અહા! ધન્ય અવતાર! શ્રોતા વર્તમાનમાં તો હજી અલ્પજ્ઞ છે, પણ પાત્ર થઈને સાંભળવા આવ્યા છે. સિદ્ધપણાની હા પાડે છે એવી શૈલીવાળા જીવ લીધા છે.

સમયસારની પાંચમી ગાથામાં પણ એમ કહ્યું : 'जदि दाउज्ज प्रमाणं'; હું સ્વભાવથી એકત્વરૂપ અને રાગથી જુદો એવો પ્રભુ છું—એની વાત કરીશ; તારો પ્રભુ આત્મા પણ એવો જ છે;—એમ શ્રોતાઓને મારા પોતાના જ્ઞાન અને આનંદના વૈભવથી કહીશ; તે એકત્વવિભક્ત ભગવાન આત્માને દેખાડું તો પ્રમાણ કરજે. અમથી હા પાડજે એમ નહિ, પણ સ્વાનુભવપ્રત્યક્ષ દ્વારા સ્વભાવ તરફ વળેલો થઈને પ્રમાણ કરજે; કેમ કે અમારો હેતુ અંતર આનંદના નાથનો અનુભવ કરાવવાનો છે. એવા તો શ્રોતા—પંચમ આરાના જીવ—લીધા છે! પ્રવચનસારમાં કહ્યું છે કે 'जो जाणदि अरहंतं...'— જે અરિહંતને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે બરાબર જાણે તે પોતાના આત્માને જાણે, અને તેથી તેના મોહનો નાશ થાય છે. જ્યાં એક સર્વજ્ઞને જાણતાં પોતાના આત્માને જાણીને મોહનો ક્ષય થાય છે, તો અનંતા સિદ્ધોને જેણે પોતામાં સ્થાપ્યા, એનો વિશ્વાસ કર્યો, તેને કોલકરાર થઈ ગયો કે એ સ્વ તરફ જશે જ અને સિદ્ધપદરૂપ પૂર્ણતા પ્રાપ્ત કરશે જ. એવા શ્રોતા અહીં લીધા છે.

અહા! ગજબ શૈલી છે સમયસારની! કેવળી પરમાત્મા જિનદેવનાં કાળજાં ખોલી નાખ્યાં છે. પણ જીવને બહારનું માહાત્મ્ય ખસતું નથી. ભાઈ! એક વાર ભૂલી જા બહારનું બધું. અહીં તો આચાર્યદેવે અનંતા સર્વજ્ઞ ને સિદ્ધભગવાનને પસ્તાનામાં મૂક્યા છે. લોકમાં વાર-કવાર હોય તો બીજે પસ્તાનું મૂકે. બાપુ! અત્યારે પંચમ કાળ—કવાર છે. કેવળજ્ઞાન થવા માટે કવાર છે; તેથી તારી પર્યાયમાં—શ્રદ્ધામાં અનંત સિદ્ધોનું પસ્તાનું મૂકીને તને તારા ભગવાન આત્માની વાત કહીએ છીએ. તેનો અંદરથી વિશ્વાસ લાવીને સ્વાનુભવપ્રત્યક્ષ વડે સ્વીકાર કર. આ વાત માણસને આકરી લાગે છે, પણ વસ્તુસ્થિતિ જ આવી છે. આ કોઈ કૃત્રિમ પંથ કે વાડો છે? આ તો વસ્તુસ્વભાવ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

**પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને**
**ઇન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯. –શ્રી પ્રવચનસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—સમ્યગ્દર્શન થવા પહેલા કેવા પ્રકારના વિચારો ચાલતા હોય કે જેનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કેવા પ્રકારના વિચારો ચાલતા હોય તેનો કોઈ નિયમ નથી. તત્ત્વના કોઈ પણ પ્રકારના વિચારો ચાલતા હોય તેનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય છે.

શ્રોતા :—પરિચય કોનો રાખવો જોઈએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સત્‌સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે, જેને પુણ્યનો પ્રેમ છે, એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ, સ્ત્રી–પુત્રાદિ કે વેપાર આદિના પરિચયથી તને નુકશાન થશે. તું આનંદનો નાથ પ્રભુ છો! તારા નિવાસમાં–તારા પરિચયમાં રહે તો તને આનંદ ને સુખ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભય થઈને વિચરે છે તેને હરણ આદિનો ભય હોતો નથી, તેમ તું નિર્ભય થઈને તારા સ્વદેશમાં વિચર!

શ્રોતા :—આત્મ-અનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથી ભિન્નતા પૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા ને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો ક્યો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઊંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે.

**કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.** **–શ્રી પ્રવચનસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આ વાત બેસે છે કે આ કર્યા વગર છૂટકો નથી અને સાથે અઘરું પણ લાગે છે તો ઉપાય શું છે ?

પૂજ્ય બહેનશ્રી :—વિકલ્પથી છૂટો પડીને, એકત્વબુદ્ધિ તોડીને જ્ઞાયકની ધારા પ્રગટ કરવી. આ એક જ ઉપાય છે. દ્રવ્યને ગ્રહણ કર્યું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી, પણ તે દૃષ્ટિ ટકાવવી જોઈએ. માન્યતામાં લીધું, નક્કી કર્યું છે કે હું જુદો છું, પણ તે રૂપે કાર્ય થાય તો સાચું નક્કી કર્યું કહેવાય. જુદો છું એમ નક્કી કર્યું અને પાછી એકત્વબુદ્ધિ થઈ જાય તો તેણે સાચું નક્કી કર્યું નથી. જેને સાચું નક્કી થાય તેને જુદો પાડવાનો પ્રયત્ન અંદર આવ્યા વગર રહેતો નથી. ગડમથલ કરતાં સાચું તો આ જ છે, માર્ગ આ જ છે, એમ શ્રદ્ધારૂપ પરિણતિ થાય છે. વિચારથી શ્રદ્ધા થાય તે જુદી છે, આ તો શ્રદ્ધારૂપ પરિણતિ થાય છે, પરિણતિ કાર્ય કરે છે. પછી વિશેષ ચારિત્ર થાય છે. આ શ્રદ્ધાની સાથે અમુક જાતની લીનતા થાય છે અને અનંતાનુબંધી છૂટી જાય છે. આવી અમુક જાતની પરિણતિ ઊભી થાય છે.

પ્રશ્ના :—ગૌતમસ્વામીને અંતર પુરુષાર્થ એકદમ ઊપડ્યો હતો ?


પૂજ્ય બહેનશ્રી :—અંદર આશ્ચર્યકારી લાગી ગયું. મેં તો માન્યું હતું કે મારા જેવું કોઈ જાણતું નથી, હું તો સર્વજ્ઞ છું એવું મનાઈ ગયું હતું; પણ આ તો ખોટું છે–એવું આશ્ચર્ય લાગી ગયું. અંદર એટલી પાત્રતા હતી કે તેને આશ્ચર્ય લાગી ગયું, આ તે કોણ છે ? એમ થઈ ગયું. આ મહાપુરુષ છે કોણ ? આ કોણ ભગવાન છે ? એવું અંદરથી આશ્ચર્ય લાગી ગયું. પોતાની બધી ખોટી માન્યતા છૂટી ગઈ, એકદમ પાત્રતા જાગી ગઈ ને પરિણતિ એકદમ પલટાઈ ગઈ. બધા આગ્રહો એકદમ છૂટી ગયા, અન્યમતની માન્યતા હતી તે એકદમ પલટી ગઈ અને સમ્યગ્દર્શન, મુનિપણું, ચાર જ્ઞાન એકદમ પ્રગટ થઈ ગયાં. આત્મા ચૈતન્ય છે ને ? સાથે પાત્રતા એવી હતી કે એકદમ બધો પલટો થયો અને પુરુષાર્થ ઊપડી ગયો.

**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.** **–શ્રી પ્રવચનસાર**


## બાળ વિભાગ

# કૌંડેશની કથા

જેમ ફળદ્રુપ જમીનમાં વાવેલું નાનું વડલાનું બીજ, યોગ્યકાળે વિશાળ છાયા અને અનેક ફળોરૂપે ફળે છે, તેમ યોગ્ય પાત્રને દીધેલું અલ્પ દાન પણ યોગ્ય સમયે જીવને (દાતારને) વિશાળ ઐશ્વર્ય, સંપત્તિ અને ઈચ્છાનુસાર અનેક ભોગોપભોગાદિ ફળરૂપે ફળે છે. વૈયાવૃત્ય (દાન)ના ચાર પ્રકાર છે—(૧) આહારદાન, (૨) ઔષધદાન, (૩) ઉપકરણદાન, (૪) આવાસદાન. તેમાં ઉપકરણદાનમાં કૌંડેશની કથા આપવામાં આવે છે.



કુરુમણિ ગામમાં ગોવિન્દ નામનો ગોવાળિયો હતો. તેણે પુરાતન પુસ્તકનો કોટરમાંથી (બખોલમાંથી) ઉદ્ધાર કરીને તથા ભક્તિથી તેનું પૂજન કરીને પદ્મનન્દિ મુનિને તે આપ્યું. તે પુસ્તક દ્વારા તે જંગલમાં કોઈ પૂર્વ ભટ્ટારકોએ તેની પૂજા કરી તથા કરાવીને, વ્યાખ્યાન કર્યું હતું અને તેને કોટરમાં (બખોલમાં) મૂકીને ચાલ્યા ગયા હતા. ગોવિન્દ બાળપણથી તે શાસ્ત્ર જોઈને નિત્ય તેની પૂજા કરતો. ફરીથી તેનાં દર્શન થાય તે માટે તેણે તેને વૃક્ષના કોટરમાં સ્થાપિત કર્યું. તે ગોવિન્દ નિદાનથી મરીને તે ગામમાં જ ગ્રામકૂટનો પુત્ર થયો. તે જ પદ્મનંદિ મુનિને જોઈને તેને જાતિસ્મરણ થયું. તપ ધારણ કરીને તે કૌંડેશ નામનો શ્રુતધર મહામુનિ થયો.



એ પ્રમાણે શ્રુતદાનનું—શ્રુતના ઉપકરણના દાનનું ફળ છે.

**વીતરાગી જિનશાસન અને પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન પ્રભાવના ઉદયમાં**

# શ્રી ૧૦૦૮ શાંતિનાથ દિગમ્બર જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન

વીતરાગી જિનશાસન, વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ અને તેના અનન્ય ઉપાસક પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત બહેનશ્રી ચંપાબેનના સાતિશય પ્રભાવનાયોગે મુંબઈ નગરના ઉપનગર પાર્લામાં નવનિર્મિત ભવ્ય ઉત્તંગ શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરમાં બિરાજમાન કરવામાં આવનાર ભાવવાહી વીતરાગી જિનબિંબોનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ **શ્રી ૧૦૦૮ શાંતિનાથ દિગમ્બર જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ** તા. ૧૭ મે થી ૨૨ મે ૨૦૧૫ સુધી સાનંદ સંપન્ન થયો. આ અવસર પર ભવ્ય એરકન્ડિશનયુક્ત મંડપ તથા પ્રવેશદ્વારની શોભા, જોતા જ નજર આવતી હતી. દેશના લગભગ બધા જ રાજ્યોમાંથી તથા વિદેશમાંથી અમેરિકા, લંડન, કેનેડા, દુબઈ, મસ્કટ, આફ્રિકા આદિ દેશોથી પધારેલ લગભગ વીસ હજાર ભક્ત સમુદાયની સાથે મુંબઈવાસીઓએ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને જિનશાસનની પ્રભાવનામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું.

આ પંચકલ્યાણક મહોત્સવના પ્રતિષ્ઠાચાર્ય બાલબ્રહ્મચારી હેમંતભાઈ ગાંધી, મુંબઈ-સોનગઢ, સહ પ્રતિષ્ઠાચાર્ય શ્રી સુભાષભાઈ શેઠ, વાંકાનેર હતા. તથા પં. મનીષ જૈન-પિડાવા, પં. ઋષભ શાસ્ત્રી-છિંદવાડા, પં. સુનિલ ધવલ, અનિલ ધવલ, દીપક ધવલ-ભોપાલનો વિશેષ સહયોગ રહ્યો. કાર્યક્રમના અંતિમ દિવસે વયોવૃદ્ધ વિદ્વાન બાલબ્રહ્મચારી વ્રજલાલભાઈ શાહ, વઢવાણ પણ પધાર્યા હતા. જેમના ઉદ્‌બોધન અને માંત્રિક ક્રિયાઓનો લાભ પ્રાપ્ત થયો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું નિર્દેશન પંડિત રજનીભાઈ દોશી, હિંમતનગરવાળાએ કર્યું હતું તથા મંચ સંચાલન તથા ઈન્દ્રસભા—રાજસભા વગેરે કાર્યક્રમોનું સંયોજન પંડિત સંજય શાસ્ત્રી, મંગલાયતન દ્વારા રોચકતાપૂર્વક કરવામાં આવ્યું. આ પ્રસંગે વઢવાણ ભજનમંડળી, મલાડ ભજનમંડળી વગેરેનો પણ વિશેષ સહયોગ રહ્યો.

પંચકલ્યાણકના એક દિવસ પૂર્વે કાર્યક્રમસ્થળની ભૂમિની શાસ્ત્રોક્ત વિધિવિધાનથી ભૂમિશુદ્ધિ કરાવવામાં આવી. તે પછી પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ શુભારંભ ધર્મધ્વજારોહણથી થયો. પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ માટે બનાવેલ પ્રતિષ્ઠા મંડપ—હસ્તિનાપુરનગરી લાકડાના પ્લેટફોર્મ ઉપર બનાવવામાં આવી હતી. જેના પ્રવેશદ્વારે ગજરાજની સ્વાગત કરતી પ્રતિકૃતિ રાખવામાં આવી હતી. સાથે નવનિર્મિત જિનાલયની ભવ્યતા દર્શાવતી વિશાળ પ્રતિકૃતિ પણ રાખવામાં આવી હતી.

પંચકલ્યાણકના વિધિનાયક ભગવાન શાંતિનાથ સોળમા તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ આમ ત્રણ પદવીધારક હતા. તેમના ગર્ભ, જન્મ, તપ, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકો વિધિ અનુસાર પ્રતિષ્ઠા પાઠ અનુરૂપ ભવ્યતાપૂર્વક કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રથમ દિવસે હસ્તિનાપુરના રાજા વિશ્વસેન અને ઐરાદેવી રાણીના જીવનદર્શનનો લાભ પણ મુમુક્ષુઓને પ્રાપ્ત થયો. માતા ઐરાદેવીએ જોયેલા સોળ સ્વપ્નોનું આશ્ચર્યકારી પ્રદર્શન ત્યારબાદ સ્વપ્નફળ દર્શન, અષ્ટકુમારી દેવીઓ અને માતાની ધર્મચર્ચા તથા કુબેર દ્વારા પ્રભુના ગર્ભકલ્યાણકના છ માસ પૂર્વથી જન્મસુધી રત્નવર્ષા આદિ દૃશ્ય સાક્ષાત્ પંચકલ્યાણકની યાદ અપાવતા

હતા. આ સાથે ઈન્દ્રપ્રતિષ્ઠા શોભાયાત્રા કાર્યક્રમની અદ્‌ભુતતા અતિ સુંદર હતી.

મહોત્સવના બીજા દિવસે ગર્ભકલ્યાણકની પૂજા વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ વેદિશુદ્ધિ માટે હજારો સાધર્મી શોભાયાત્રાપૂર્વક નવનિર્મિત જિનાલય પહોંચ્યા, જ્યાં પ્રતિષ્ઠાચાર્યે શાસ્ત્રોક્ત વિધિ-વિધાનપૂર્વક ભગવાનની આસનશુદ્ધિની સાથે-સાથે ધ્વજ અને કળશશુદ્ધિની વિધિ સંપન્ન કરાવી. આ અવસરે સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન અને પ્રત્યક્ષ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ભવ્ય જીવંત પ્રતિકૃતિ તથા અનેક ચિત્રપટોનું અનાવરણ ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું. ત્યારબાદ બહેનશ્રીની તત્ત્વચર્ચાના આધારે માતા ઐરાદેવી અને અષ્ટદેવીઓની તત્ત્વચર્ચાની ભાવપૂર્ણ પ્રસ્તુતિ બધાને માટે આનંદકારી બની. આ અવસર પર રાજ્યસભા અને ઈન્દ્રસભાનો ભવ્ય દરબાર ભક્તોના મનને મોહી લેતો હતો તો ત્યાં કરવામાં આવેલી ધર્મચર્ચાએ જનસમુદાયને ધર્મના રંગમાં રંગી દીધો. તે જ દિવસે સ્વાનુભૂતિ તીર્થ સુવર્ણપુરીની ભવ્ય પ્રતિકૃતિનું અનાવરણ કરવામાં આવ્યું તથા મુમુક્ષુમંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ મનને હરી લેવાવાળો હતો.

મહોત્સવનો ત્રીજો દિવસ એટલે કે તીર્થંકર પ્રભુનો જન્મ કલ્યાણક સવારથી જ ખુશી પ્રદાન કરી રહ્યો હતો. પ્રભુનો જન્મ થતા જ ઈન્દ્રસભામાં ઈન્દ્રાસન કંપાયમાન થયું અને ચારે દિશાઓમાં વાજિંત્ર વાગવા લાગ્યા. ત્યારબાદ દૈવી વૈભવ સહિત સૌધર્મ ઈન્દ્ર હસ્તિનાપુર પધાર્યા અને શોભાયાત્રાપૂર્વક પ્રભુને ઐરાવત હાથી પર બિરાજમાન કરી નગરીની ત્રણ પ્રદક્ષિણા કરી માતા-પિતાનું બહુમાન કર્યું ત્યારબાદ સુમેરુ પર્વતની પાંડુકશીલા પર બાળ તીર્થંકરનો જન્માભિષેક ૧૦૦૮ કળશોથી કર્યો. સૌધર્મ ઈન્દ્ર દ્વારા પ્રસ્તુત ભક્તિપૂર્ણ તાંડવનૃત્યે ભક્તિરસને ચરમસીમાએ પહોંચાડ્યો. ત્યારબાદ પ્રભુનું પારણાઝૂલન આદિનો લાભ સમાગત અતિથિઓએ પ્રાપ્ત કર્યો. આ પ્રકારે બાળ તીર્થંકરના જન્મથી લઈને રાજ્યાવસ્થા આદિ મુખ્ય મુખ્ય પ્રસંગોનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું. ત્યારબાદ સમ્રાટ શાંતિનાથ ભગવાનને દર્પણમાં મુખ જોતાં પોતાના બે પ્રતિબિંબોના દર્શનથી પૂર્વભવોનું જાતિસ્મરણ થયું અને સંસારની ક્ષણભંગુરતાપૂર્વક વૈરાગ્યભાવના જાગૃત થઈ.

કાર્યક્રમના ચોથા દિવસે તપકલ્યાણક મહોત્સવનું ભવ્ય પ્રદર્શન, લોકાંતિક દેવોનું આગમન અને વૈરાગ્યની અનુમોદના, સૌધર્મ ઈન્દ્રનું પાલખી લઈને આવવું, દેવ-મનુષ્યોમાં પ્રથમ પાલખી ઉઠાવવા બાબતે વિવાદ અને સૌધર્મ ઈન્દ્ર દ્વારા સંયમ ધારણ કરવાની યોગ્યતાને કારણે મનુષ્યોના પક્ષમાં નિર્ણય આપવો ત્યારબાદ પાલખી લઈને ભૂમિગોચરી રાજા તેના પછી વિદ્યાધર રાજા અને તેના બાદ દેવ દ્વારા વનમાં ભગવાનને લઈ જવાનું દૃશ્ય ખૂબ જ ભાવવાહી હતું. દીક્ષાવનમાં પ્રતિષ્ઠાચાર્યજીએ દીક્ષાવિધિ સંપન્ન કરાવી અને પૂજ્ય ગુરુદેવશ્રીનું બારભાવના ઉપર વૈરાગ્યપૂર્ણ પ્રવચન પ્રભાવક રહ્યું. આ દિવસે મંડપમાં મુનિરાજ ભક્તિનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

મહોત્સવના પાંચમા દિવસે અર્થાત્ જ્ઞાનકલ્યાણકના પાવન અવસર પર મુનિરાજ શાંતિનાથને આહારદાન દેવાનું દૃશ્ય મનોહર હતું. આહારદાન બાદ જ્ઞાનકલ્યાણકની પૂજા કરવામાં આવી. તથા મુનિરાજ શ્રી શાંતિનાથના કેવળજ્ઞાન પ્રાપ્ત થવાની અનન્ય ક્ષણ એવી અદ્‌ભુત હતી કે જેના માટે શબ્દો નથી. આ અવસર પર સૌધર્મ ઈન્દ્રની આજ્ઞાથી કુબેર દ્વારા રચિત સમવસરણની ભવ્ય રચના દર્શનીય હતી. દિવ્યધ્વનિના પ્રસારણનું દૃશ્ય અદ્‌ભુત હતું.

કાર્યક્રમના અંતિમ દિવસે મોક્ષકલ્યાણકનું ભવ્ય દૃશ્ય બતાવવામાં આવ્યું હતું. જેમાં

સમ્મેદશિખરથી પ્રભુનું મોક્ષગમનનું દૃશ્ય મનોહર હતું. મોક્ષકલ્યાણકની વિધિ પૂર્ણ થયા બાદ વિશાળ શોભાયાત્રાપૂર્વક જિનદેવને જિનમંદિરમાં બિરાજમાન કરવા માટે ભક્ત સમુદાય ઉમટી પડ્યો. સૌ પ્રથમ હર્ષોલ્લાસપૂર્વક જિનમંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારબાદ શ્રી સીમંધર ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી બાહુબલી ભગવાન, શ્રી મહાવીર ભગવાન અને શ્રી ભાવિ તીર્થંકર ભગવાનની પાવન પ્રતિષ્ઠા સંપન્ન થઈ અને જિનમંદિરમાં જિનવાણીની સ્થાપના, કલશારોહણ, ધ્વજારોહણ આદિ સંપન્ન થયા.

આ પંચકલ્યાણકની મુખ્ય વિશેષતા એ રહી કે મહોત્સવ દરમ્યાન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન, તેમની જીવનગાથા દર્શક ફિલ્મનું પ્રસારણ, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, માનનીય પ્રવચનકારો દ્વારા શાસ્ત્ર-સ્વાધ્યાય, જિનેન્દ્ર ભક્તિ અને જૈનધર્મના પાવન સંદેશાને આધુનિક ટેકનોલોજી દ્વારા વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવામાં આવ્યું. આ મહોત્સવનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું જે દેશ-વિદેશના લોકોએ નિહાળ્યું.

આ મહામહોત્સવ દરમ્યાન પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનપ્રસંગોને પ્રદર્શિત કરતી એક ભવ્ય આર્ટ ગેલેરીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દેશ-વિદેશના પ્રખ્યાત ચિત્રકારો અને શિલ્પકારો દ્વારા નિર્મિત ૧૩૨ ચિત્રપટો અને ૨૮ શિલ્પકૃતિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું જે મહોત્સવમાં પધારેલ હજારો સાધર્મિઓએ નિહાળ્યું.

આ સંપૂર્ણ મહોત્સવને ભવ્યતાપૂર્વક સંપન્ન કરાવવાનો યશ શ્રી કુંદકુંદકહાન દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, વિલેપાર્લે-સાંતાક્રુઝ અને મહોત્સવના પ્રમુખ મધુભાઈ શાહ તથા સર્વે ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓને જાય છે.

આ પ્રમાણે જિનશાસનની વિશ્વવ્યાપી પ્રભાવના કરતો આ મહામહોત્સવ અત્યંત ભવ્યતા સહ સંપન્ન થયો.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૨મી જન્મજયંતી (તા. ૨૭-૮-૨૦૧૫ થી તા. ૩૧-૮-૨૦૧૫)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૨૩-૮-૨૦૧૫, રવિવારથી તા. ૧૧-૯-૨૦૧૫, શુક્રવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૮, શુક્રવાર તા. ૨૪-૭-૨૦૧૫ થી અષાઢ સુદ ૧૫, શુક્રવાર તા. ૩૧-૭-૨૦૧૫—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

**વીરશાસન જયંતી :**—અષાઢ વદ ૧ તા. ૧-૮-૨૦૧૫ શનિવાર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે. આ પર્વ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

વઢવાણનિવાસી સ્વ. નંદલાલ શિવલાલ કામદારની પુત્રી દિવ્યાબેનનો (ઉ.વ. ૭૭) તા. ૧૦-૫-૧૫ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ થયેલ છે.

દિલ્હીનિવાસી શ્રીમતી રાજરાની જૈન (ધર્મપત્ની શ્રી સત્યપ્રકાશ જૈન)(ઉ.વ. ૬૭)નું દેહપરિવર્તન તા. ૧૨-૫-૧૫ના રોજ થયેલ છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

લીંબડીનિવાલી (હાલ સુરત) શ્રીમતી મીનાબેન નરેશભાઈ શાહ (ઉ.વ. ૬૧)નું તા. ૧૬-૫-૧૫ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.

જેતપુરનિવાસી(હાલ ઘાટકોપર-મુંબઈ) નીતાબેન કીરીટભાઈ દોશીનો (ઉ.વ. ૫૮) (—તે શ્રી ઈન્દુબેન ચંપકભાઈ વિકમચંદ સંઘવીના પુત્રી) તા. ૧-૬-૧૫ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

અમરેલીનિવાલી (હાલ-મુંબઈ) શ્રી વિમળાબેન રતીલાલ ગાઠાણી (ઉ.વ. ૮૭)નું તા. ૮-૬-૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ છેલ્લા ૫૦ વર્ષોથી અવારનવાર સોનગઢ આવી તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) શ્રી રસિકભાઈ અમરચંદ ડગલી (ઉ.વ. ૮૦)નું તા.૯-૬-૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓશ્રીએ કહાનગુરુ શાસનની પ્રભાવના અર્થે તન-મન-ધનથી ખૂબ લાભ લીધો હતો. શ્રી જંબૂદ્વીપ-બાહુબલી નિર્માણમાં બાહુબલી ભગવાનના નકરાનો લાભ બીજા સાધર્મી મુમુક્ષુ સાથે અર્પણતાપૂર્વક લીધો હતો અને પ્રતિષ્ઠા જલ્દી થાય એવી એમને ભાવના રહ્યા કરતી. તેઓ ઘાટકોપર ભજનમંડળીના સ્થાપક તથા સક્રિય સભ્ય હતા. શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળમાં ૫૦ વર્ષોથી સેવા આપતા હતા અને છેલ્લા ૧૬ વર્ષથી પ્રમુખ હતા તથા વિંછીયા દિ. જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ તરીકે સેવા આપી હતી.

જોરાવરનગરનિવાસી શ્રી મનુભાઈ રતિલાલ કામદાર (સિહોર-પાલિતાણાવાળા) (ઉ.વ. ૭૫)નું તા. ૧૦-૬-૧૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓએ ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

**શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, ઘાટકોપર-મુંબઈ દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૨મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૦૨મી જન્મજયંતી આ વર્ષે શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, ઘાટકોપર-મુંબઈ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૨મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૨૭-૮-૨૦૧૫, ગુરુવારથી તા. ૩૧-૮-૨૦૧૫, સોમવાર—પાંચ દિવસ સુધી શ્રી તીર્થમંડળ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૨૩-૮-૧૫ થી ૧૧-૯-૧૫—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ અષાઢ સુદ-૧૦, તા. ૨૬-૭-૨૦૧૫, રવિવારના રોજ સોનગઢમાં રાખેલ છે.)

નિમંત્રક :
શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ
ઘાટકોપર-મુંબઈના જય જિનેન્દ્ર

## (૨૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૫૦૧) બધા લૌકાંતિક દેવો તેમજ સર્વાર્થસિદ્ધિના દેવો નિયમથી ............. ભવ પછી મોક્ષમાં જાય છે.

(૫૦૨) ખરભાગમાં .................. દેવોના નિવાસસ્થાન છે.

(૫૦૩) રત્નપ્રભા પ્રથમ નરકના ત્રણ ભાગ ૧. ................... ૨............... ૩ ............... છે.

(૫૦૪) પ્રથમ નરકના ............ બિલો છે.

(૫૦૫) નરકથી નીકળેલ જીવ ............... અને ................ થઈ શકતા નથી.

(૫૦૬) જંબૂદ્વીપનો વિસ્તાર .................... જેવા આકારવાળો છે.

(૫૦૭) મધ્યલોકની પહોળાઈ .................. અને ઉંચાઈ ....................... યોજન છે.

(૫૦૮) જંબૂદ્વીપને ફરતો .................. સમુદ્ર છે તેનો વિસ્તાર ............. યોજનનો છે.

(૫૦૯) લવણ સમુદ્રને ફરતો ................... છે તેનો વિસ્તાર ............... યોજન છે.

(૫૧૦) હિમવત અને હિરણ્યવત ક્ષેત્રમાં ................ ભોગભૂમિ છે.

(૫૧૧) વિદેહક્ષેત્રના દેવકુરુ-ઉત્તરકુરુમાં .................. ભોગભૂમિ છે.

(૫૧૨) ધાતકીખંડના પૂર્વમાં ............... પર્વત અને પશ્ચિમ દિશામાં ................. પર્વત છે.

(૫૧૩) માનુષોત્તર પર્વત .................... યોજન પૃથ્વીથી ઊંચો છે.

(૫૧૪) મહા હિમવતક્ષેત્રના પદ્મ સરોવરમાંથી ............... નદી નીકળે છે.

(૫૧૫) પાંચ મેરુ સંબંધી ............. ભોગભૂમિ છે.

(૫૧૬) જંબૂદ્વીપની વચમાં પૂર્વ-પશ્ચિમ લાંબા ............. કુલાચલ પર્વત છે.

(૫૧૭) માનુષોત્તર પર્વત ............... યોજન જમીનની અંદર તેનો પાયો છે.

(૫૧૮) પુષ્કરાર્ધ દ્વીપના પૂર્વ દિશામાં .............. મેરુ અને પશ્ચિમ દિશામાં ................ મેરુ પર્વત છે.

(૫૧૯) કાલોદધિ સમુદ્રનો વિસ્તાર ............... લાખ યોજન છે.

(૫૨૦) જો કોઈ જીવ સતત નરકમાં ઉપરાઉપરી જાય તો પ્રથમ પૃથ્વીમાં ............ વાર જઈ શકે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ
# પ્રશ્ન જૂન-૨૦૧૫ના
# ઉત્તર

(૪૮૧) ૧૮

(૪૮૨) પુષ્પદંત–ભૂતબલી

(૪૮૩) સમવસરણ

(૪૮૪) ૩

(૪૮૫) પ્રદેશત્વ

(૪૮૬) સ્વરૂપાચરણ

(૪૮૭) ૯

(૪૮૮) ચંપાપુર

(૪૮૯) મોક્ષશાસ્ત્ર

(૪૯૦) કાશી બનારસ

(૪૯૧) પર્યાય

(૪૯૨) પ્રવચનસાર

(૪૯૩) યોગસાર

(૪૯૪) દેલવાડા (આબુ)

(૪૯૫) એક

(૪૯૬) દ્રવ્ય

(૪૯૭) કર્તાકર્મ

(૪૯૮) સમયસાર (કર્તાકર્મ અધિકાર)

(૪૯૯) આત્મા

(૫૦૦) મહારાષ્ટ્ર

## (૨૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૫૦૧) તીવ્ર કષાયના ઉદયથી, મૂળ શરીર છોડ્યા વિના બીજાનો ઘાત કરવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને ............. સમુદ્ઘાત કહે છે.

(૫૦૨) નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ............ ક્રોડાક્રોડી સાગરની હોય છે.

(૫૦૩) .................. પ્રતિમા સુધીના મધ્યમ શ્રાવક કહેવાય છે.

(૫૦૪) જે સમય આવ્યે ઉદયમાં આવીને ખરી જાય તેને ................. નિર્જરા કહે છે.

(૫૦૫) જે ભયથી, લજ્જાથી તથા લાભથી પણ હિંસાના આરંભને ધર્મ ન માને તે જ્ઞાનીને ........................ ગુણ હોય છે.

(૫૦૬) નરક અને નિગોદના જીવોને માત્ર ............. નો જ આહાર હોય છે.

(૫૦૭) બધા ચક્રવર્તીના શરીરનો રંગ ................ સમાન હોય છે.

(૫૦૮) ક્ષયોપશમ સમ્યક્ત્વનો કાળ ................ હોય છે.

(૫૦૯) લોકાકાશની બહાર એકલું ................. દ્રવ્ય જ રહેલું છે.

(૫૧૦) દ્રવ્યદ્રષ્ટિએ પરિણામ અને પરિણામી બંને અભેદ છે તેને .................. ભેદ નથી.

(૫૧૧) કર્તા-કર્મ અને ક્રિયા ત્રણેય એક દ્રવ્યની ................... અવસ્થાઓ છે.

(૫૧૨) એક દ્રવ્યના બે .............. ન હોય.

(૫૧૩) દૂધમાં દહીંની પર્યાયનો અભાવ તેને ................... કહે છે.

(૫૧૪) તીર્થંકર ભગવાનના જન્મ વખતે .................... જાતના વાજિંત્ર વાગે છે.

(૫૧૫) તીર્થંકર ભગવાન દીક્ષા લ્યે ત્યારે સૌથી પ્રથમ ................... રાજા પાલખી ઉપાડે છે.

(૫૧૬) જે પરપદાર્થના પરિણામ છે તેને આત્માના પરિણામ માને તે ............... સંબંધી ભૂલ કરે છે.

(૫૧૭) પંકભાગમાં ....................... ના નિવાસસ્થાન છે.

(૫૧૮) શ્રીકૃષ્ણનું મૃત્યુ ................ વનમાં ................... ના હાથે થયું હતું.

(૫૧૯) એક ઇન્દ્રિય જીવને ............. પર્યાપ્તિ હોય છે.

(૫૨૦) સ્વ-પરના યથાર્થ સ્વરૂપથી વિપરીત શ્રદ્ધાનનું નામ .................... છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન–૨૦૧૫ના ઉત્તર

(૪૮૧) અમિતગતિ

(૪૮૨) હનુરૂહ

(૪૮૩) પદ્મ

(૪૮૪) દોલતરામજી

(૪૮૫) ૧૧

(૪૮૬) મલ્લિનાથ - નમિનાથ

(૪૮૭) દ્રવ્યત્વ

(૪૮૮) એકાંત

(૪૮૯) મોહનીય

(૪૯૦) અતિવ્યાપ્તિ

(૪૯૧) અનાદિ અનંત

(૪૯૨) સાંપરાયિક

(૪૯૩) નિર્વિચિકિત્સા

(૪૯૪) નામકર્મ

(૪૯૫) અગુરુલઘુ

(૪૯૬) ઉત્કૃષ્ટ

(૪૯૭) સુખ

(૪૯૮) અવ્યક્તના

(૪૯૯) ૩૨ – ૪૬

(૫૦૦) સૂક્ષ્મ સાંપરાય

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે, હોય છે તેને કરવું છે ક્યાં? ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ—દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો સ્વકાળ હતો. તેનો પણ કર્તા નથી. કેમ કે ભાવશક્તિના કારણે ભવન તો છે, તો છે એને કરવું શું? ૧૨૪.

✻ જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ત્રણ લોકની ત્રણ કાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી. તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ ક્યે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દૃષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનની હૈયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય. ૧૨૫.

✻ ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ અકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે. તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન શ્રદ્ધા આનંદનું કાર્ય કરે છે. ૧૨૬.

✻ જીવ જ્ઞાન ને આનંદના પરિણામે ઊપજતો થકો રાગના પરિણામનું કારણ નથી. ચૈતન્યપ્રકાશસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન છે, તેને દૃષ્ટિમાં લીધો છે. એવો જીવ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામે ઉપજવા છતાં રાગના કાર્યનો કર્તા નથી. જે જીવ અનુભવના કાર્યપણે ઊપજ્યો તે રાગના કાર્યપણે ઊપજે એમ બનતું નથી, કારણ કે વિકારરૂપ પરિણમે એવી તેની કોઈ શક્તિ નથી. જીવ કર્તા એટલે કે કારણ અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય એવું હોવા છતાં રાગના કાર્યનું કારણ જીવ નથી કે પરદ્રવ્યના કાર્યનું કારણ જીવ નથી. ૧૨૭.

❁

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૫
અંક-૧૧ * વર્ષ-૯

Posted at Songadh PO
Publish on 1-07-2015
Posted on 1-07-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org